SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

Rs. 5/-

November '06

શરદ પૂર્ણિમાના સોળે કળાએ ખીલેલા ચંદ્રમાં
સાથે માનસરોવરના અલૌકિક દર્શન

(તસવીર : પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી)


પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1

આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રી નીલકંઠવર્ણી સ્વરૂપે આજથી ૨૧૫ વર્ષ પહેલા માન સરોવર વિચરણ કરેલું તે પ્રસંગના તાદ્રશ દર્શન પ.પૂ. મોટા મહારાજશ્રીના મહાપૂજા વિધિ પ્રસંગે થયા. મહાપૂજા વિધિ મૂળીના સ્વામી ભક્તિહરિદાસજીએ કરાવી હતી.

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૮ | નવેમ્બર - ૨૦૦૬



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	સેવા (I.S.S.O., U.S.A.)	૫
૪.	પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની "કૈલાશ માનસરોવર યાત્રા"	૭
૫.	પ.પૂ. મહારાજશ્રીના અમૃત તુલ્ય આશીર્વચન	૯
૬.	સત્સંગિ ભૂષણ પારાયણમાંથી આચમન	૧૧
૭.	દ્રોહ	૧૩
૮.	ભાગવત કથાનો મહિમા	૧૪
૯.	અવતારના અવતારીની ઐશ્વર્ય લીલા	૧૫
૧૦.	પૂજ્ય મોટા મહારાજશ્રીની મહેનતને સાર્થક કરીએ	૧૭
૧૧.	સત્સંગ સુરભી : સૌનું કલ્યાણ કરવું છે	૧૯
૧૨.	સત્સંગ બાલવાટિકા (૧) મહિમા એકાગ્રતાનો (૨) કૃતઘ્ની ન થવું	૨૦
૧૩.	પ્રશ્નપેટી	૨૨
૧૪.	ભક્તિસુધા (૧) સાચી સમજણ (૨) સુખમાં ભગવાન ભૂલાય છે	૨૩
૧૫.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૬

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
www.swaminarayanmuseum.com / org

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે જેવો ઉપદેશ આપ્યો છે તેનું સૌ પ્રથમ પોતે આચરણ કરી બતાવ્યું છે. જે કાર્ય મનુષ્યોથી સરળતાપૂર્વક કરી શકાય તેમ છે તેવા જ ધર્મકાર્યો વ્રત, તપ, સાધના વગેરે સ્વયં અનુભવીને પછી પોતાના ભક્તોને તેવી રીતે ભગવત્પ્રસન્નતાના ઉપાયો કરવાની આજ્ઞા કરી છે. જો કોઈ સાધન કરવામાં આવે તેનાથી ઈષ્ટદેવની પ્રસન્નતાનું જ મુખ્ય લક્ષ્ય ભક્તનું હોય છે. સાથે સાથે સ્વરૂપ જ્ઞાન અને આસક્તિનો ત્યાગ થાય તેના માટેના સર્વ સાત્વિક સાધનો કરવાના હોય છે. તેવા સાત્વિક સાધનો ને ઓળખવા માટે જીવની બુદ્ધિ કામ ન લાગે ત્યારે શાસ્ત્ર વચનોને અનુસરવું. જેથી આત્યન્તિક મોક્ષ સુધી પહોંચવામાં સરળતા રહે. આવા અનેક ઉપાયો અને સાધનોમાં જપ, તપ, વ્રત, દાન અને યોગની સાથે તીર્થયાત્રાનું પણ એટલુંજ મહત્વ છે. તેથી જ ભગવાનશ્રીએ નીલકંઠ સ્વરૂપ ધારણ કરીને સાત વર્ષ પર્યન્ત સમગ્ર ભારત વર્ષની તીર્થયાત્રા માટે પરિભ્રમણ કર્યું. જેમાં વિકટ અને દુર્ગમ મનુષ્યોથી આજના સાધન સગવડવાળા યુગમાં પણ અતિ કઠીનાઈથી જઈ શકાય તેવા હિમાલયના તીર્થોમાં વિચરણ કર્યું. નદીના પ્રવાહમાં સામા પાણીએ ચાલીને પણ માનસરોવરની યાત્રા કરી અને ત્યાં વસતા હંસ સ્વરૂપ આત્માઓને પોતાના સ્વરૂપનું દિવ્ય જ્ઞાન આપીને અક્ષરધામની પ્રાપ્તિ કરાવી. આવા પવિત્ર સ્થળે શ્રીહરિના છઠ્ઠા વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સંત હરિભક્તો સાથે માનસરોવરની યાત્રા કરીને શ્રી નીલકંઠ વર્ણીની સ્મૃતિ તાજી કરી આવ્યા. તેમના દર્શન કરી આપણે પણ શ્રીહરિનું સ્મરણ તાજુ કરીને મોક્ષ મેળવી લઈએ એજ.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



(ઓક્ટોબર - ૨૦૦૬)

૧. પ.ભ. રવિન્દ્ર ગોપાળભાઈ મોદીને ત્યાં ઓફિસના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી શાહીબાગ.

૨. ૩૫ મો પ્રાકટ્યોત્સવ પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં સંત-હરિભક્તોએ ઉજવ્યો.

૬. શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અને નારાયણઘાટ મંદિર શરદોત્સવ પ્રસંગે આરતી ઉતારવા પધાર્યા.

પ.ભ. ગીરીશભાઈ પરસોત્તમદાસ પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, નરોડા.

૭. પ.ભ. ભૂપેન્દ્રભાઈ ચતુરભાઈ પૂજારાની દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, નારણપુરા-સોલારોડ.

પ.ભ. કનુભાઈ અમૃતભાઈ પટેલને ત્યાં ઉદ્‌ઘાટન નિમિત્તે પધરામણી, ઘાટલોડીયા.

૮. પ.ભ. નટવરલાલ દેવચંદભાઈ સોનીના ત્યાં શ્રીફળ હોમવા પ્રસંગે પધરામણી, નવરંગપુરા.

૯. પ.ભ. નાથાલાલ અંબાલાલ પટેલને ત્યાં વાસ્તુપૂજન પ્રસંગે પધરામણી, શાહીબાગ.

૧૦. પ.ભ. હસમુખભાઈ કેશવજીભાઈ ચૌહાણને ત્યાં પધરામણી, ચાંદલોડીયા.

૧૪. પ.ભ. સંજયભાઈ મીસ્ત્રીને ત્યાં પધરામણી, વટવા.

જીવરાજપાર્ક મંદિર સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૧૫. પ.ભ. રોહિતભાઈ કાનજીભાઈ પટેલને ત્યાં સત્સંગ સભા પ્રસંગે પધરામણી, કુબેરનગર.

પ.ભ. પંકજભાઈ કાંતિલાલ ઠક્કરને ત્યાં પધરામણી, મેધાણીનગર.

૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૫. થી ૨૭. અ.નિ. પરમ પૂજ્ય માતુશ્રીના (પૂ. આચાર્ય મહારાજશ્રીના પૂ. દાદીમા) અસ્થિ વિસર્જન નિમિત્તે પ્રયાગ અને છપૈયા ધામ (નારાયણ સરોવર) પધાર્યા.

શ્રી નરનારાયણદેવ પીઠના ૬ઠ્ઠા આચાર્ય મહારાજશ્રીના માતુશ્રીની સ્મરણાંજલિ સભા

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઉત્તર વિભાગના શ્રી નરનારાયણદેવ પીઠના ૫ માં અ.નિ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ગાદીવાળા (ધર્મપત્નિ) અને નિવૃત પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પૂજ્ય માતુશ્રી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અખંડ સ્મરણ કરતા કરતા તા. ૧૯-૧૦-૨૦૦૬ના અક્ષરનિવાસી થયા જે સમસ્ત સત્સંગને વિદિત છે.

તા. ૧૯-૧૦-૨૦૦૬ થી ૩૧-૧૦-૨૦૦૬ દરમ્યાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના નિવાસ સ્થાન શ્રી સ્વામિનારાયણ બાગ ખાતે અનેક રાજકિય-ધાર્મિક મહાનુભાવોમાં ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાં અને ભાજપના ગુજરાતના નવા વરાયેલા પ્રમુખ શ્રી પુરૂષોત્તમ રૂપાલા અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ધર્મકુળ પરિવાર તેમજ બન્ને દેશના અનેક સંતો-મહંતો અને હરિભક્તો એ રૂબરૂ મુલાકાત-દર્શન કરીને પોતાની ભાવના લાગણી પ્રદર્શિત કરી હતી.

તા. ૧-૧૧-૨૦૦૬ના રોજ સવારે ૮-૩૦ કલાકે અમદાવાદના કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને ભાવિ આચાર્ય શ્રી લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને પૂજ્ય માતુશ્રીની સ્મરણાંજલિ સભા યોજવામાં આવી હતી. જે નિમિત્તે અમદાવાદ શહેર અને ગામોગામથી અને વિદેશથી હજારો શ્રી નરનારાયણદેવના આશ્રિત હરિભક્તો અને શ્રી નરનારાયણદેવ ગાદીના શિખરબધ્ધ મંદિરોના મહંતશ્રીઓ અને વડતાલ, ગઢપુર અને જુનાગઢ આદિ મંદિરોના સંતો શ્રધ્ધાજંલિ અર્પવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સ્મરણાંજલિ સભામાં સૌ પ્રથમ અમદાવાદ કાલુપુર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી અને શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીએ પૂજ્ય માતુશ્રીની બહેનોના સત્સંગ માં જાગૃતિ અને સંપ્રદાયની તેમની વિવિધ સેવાઓને યાદ કરીને ભાવભીની સ્મરણાંજલિ અર્પી હતી. અન્ય વિદ્વાન વક્તા સંતોએ પણ પોતાની ભાવના-લાગણી પોતાના વકતવ્યમાં રજુ કરી હતી. છેલ્લે પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના માતુશ્રીના દર્શનીય અને યાદગાર સંસ્મરણોને અશ્રુભીની આંખે યાદ કરીને સમસ્ત સત્સંગનો આભાર વ્યક્ત કર્યો હતો. ગુજરાત સરકારના વિધાન સભાના માનનીય અધ્યક્ષ શ્રી મંગળભાઈ પટેલે પધારીને પૂ. મહારાજશ્રી સમક્ષ પોતાની ભાવના લાગણી દ્વારા પૂ. માતુશ્રીને સ્મરણાંજલિ અર્પી હતી.

આ નિમિત્તે ૧૦ દશ હજાર જેટલા સંત-હરિભક્તો અને મહેમાનોને ધર્મકુળ તરફથી પ્રસાદ જમાડવામાં આવેલ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદાત્મક નેતૃત્વ તળે પાંગરતી આંતર રાષ્ટ્રીય સેવા સંસ્થા

શ્રી સ્વામિનારાયણ મંદિર, ફ્લોરિડા (અમેરિકા)ના મૂર્તિ-પ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે સન ૨૦૦૫ના જુલાઈ માસમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભાશીર્વાદ અને માર્ગદર્શન તળે આ સંસ્થાની સ્થાપના થઈ. પૂર્વ-આચાર્ય મહારાજશ્રી પ.પૂ.ધ.ધુ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ અને પ્રોત્સાહક સૂચનો સાથે ધર્મકૂળના નેતૃત્વ તળે આ સંસ્થા સતત વિકાસ અને પ્રગતિ કરી રહી છે. સંસ્થાનું કાર્ય ફલક વિશ્વના મુખ્ય રાષ્ટ્રો અને રાજ્યોમાં છેક છેવાડાના નાગરિક સુધી વ્યાપી શક્યું છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના નિર્દેશ અનુસાર 'સેવા'નું કાર્યફલક :

— ન્યૂજર્સી અને ટેકસાસ ખાતેના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બે સ્થળોએ નિયમિત આરોગ્ય સેવાની સગવડો ધરાવતા યુનિટની સ્થાપના.
— સ્વાસ્થ્ય શિક્ષણ અને ઉપચારાત્મક ચકાસણીને પ્રોત્સાહન આપતા, વિશાળ ફલકના આઠ આરોગ્ય-મેળા.
— નેશનલ બોન મેરો મેચ માટે વ્યક્તિગત નોંધણી કરવા માટે તેર બોન મેરો ડ્રાઈવ્સ.
— સ્થાનિક મંદિરો ખાતે સાત રક્તદાન શિબિર.
— આપદ્ ગ્રસ્તોની સહાય અર્થે આયોજન.
— આવાસ હીન નિરાધાર ગૃહસ્થ પરિવારોને મદદ.

ISSO Seva Serving Humanity

— કત્રીના વાવાઝોડાના આપદ ગ્રસ્તોની સહાય.
— શોષણના શિકાર બનેલા યુવાનોને માર્ગદર્શન અને મદદ.
— નાગરિક-કર્તવ્ય, સમૂહ સેવા અને રચનાત્મક નેતૃત્વને પોષક સ્વયંસેવક ભાવના.
— નાના બાળકો માટે રમકડાનું દાન.

સન ૨૦૦૬-૦૭ માટે સૂચવવામાં આવેલા કાર્યક્રમો પૈકી, હાથ ધરાયેલા આયોજનો :

કોલોનિયા, ન્યૂજર્સી : મે ૭, ૨૦૦૬

એક દિવસીય સ્વાસ્થ્ય મેળાનું આંયોજન કરી ૯૪ દર્દીઓને સારવાર આપવામાં આવી. નેશનલ બોન મેરો પ્રોગ્રામ, ન્યૂજર્સીની ભાગીદારીમાં આ સ્વાસ્થ્ય મેળાનું આયોજન કરવામાં આવેલું. બોન મેરો ડ્રાઈવ તળે ૩૧ વ્યક્તિઓએ રજિસ્ટ્રીમાં સામેલ થઈ ભવિષ્યના બોન-મેરો દાતા તરીકે રક્તદાન કર્યું હતું.

વિહોકન-ન્યૂજર્સી : મે ૨૭, ૨૦૦૬

એક દિવસીય સ્વાસ્થ્ય મેળામાં ૬૫ દર્દીઓને સારવાર અપાઈ. આપણાં આ મંદિરના ૧૯ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું. આપણા સત્સંગી ગૃહસ્થો એ ૧૫ બોટલ રક્ત-દાન સ્થાનિક રક્ત બેંકને આપ્યું હતું.

કોલોનિયા, ન્યૂજર્સી :
ઓગસ્ટ ૧૨, ૨૦૦૬

આપણા મંદિરના પ્રથમ વાર્ષિક પાટોત્સવની ઉજવણીના ભાગ રૂપે આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવેલું. ૮૬ દર્દીઓને સારવાર અપાઈ હતી. આ કાર્યક્રમનું આયોજન ધ નેશનલ બોન મેરો ઓર્ગેનાઈઝેશન અને ન્યૂજર્સી બ્લડ ડોનેશન સર્વિસને સાથે રાખીને કરવામાં આવ્યું હતું. સ્થાનિક ભારતીય પરિવારોએ ૨૫ બોટલ લોહીનું દાન કર્યું હતું. જે સ્થાનિક હોસ્પિટલને સુપ્રત કરાયું હતું. આ કેમ્પ માં ૧૬ વ્યક્તિઓ "ભાવિ બોન-મેરો દાતા" તરીકે નેશનલ બોન મેરો રજીસ્ટ્રીમાં શામેલ થયા છે.

લોવેલ, મેસેચુસેટ્સ :
ઓગસ્ટ ૧૮-૨૦, ૨૦૦૬

શ્રી સ્વામિનારાયણ મંદિરની સ્થાપના ના સપરમા અવસર પર આ નિઃશુલ્ક સ્વાસ્થ્ય મેળાનું આયોજન કરાયુ હતું. શ્રી સ્વામિનારાયણ મંદિર, સમર (સાઉથ એશિયન મેરો એસોસીએશન ઓફ રીફટર્સ) અને ચીલ્ડ્રન્સ હોસ્પિટલ ઓફ હાવર્ડના આ સહિયારો પ્રયાસ હતો.

બોન-મેરો ડ્રાઈવ્સ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ 'સેવા' સંસ્થાની સ્થાપના સમયે આપદ્ ગ્રસ્તો અને જરૂરત મંદ લોકોનું આત્મસન્માન જળવાઈ રહે તે રીતે આવશ્યક સેવાઓ પૂરી પાડવાનું લક્ષ્ય રાખેલું અને આ ઉમદા સત્ય 'સેવા' સંસ્થા સાથે સંલગ્ન પ્રત્યેક કાર્યકર સુધી

પહોંચાડેલું. I.S.S.O. 'સેવા' આચાર્યશ્રીના આ સંકલ્પને કાર્યાન્વિત કરતા લ્યૂકેમિયા અને અન્ય જીવલેણ રક્ત દોષોના કિસ્સામાં વિશ્વ-સમાજને વ્યક્તિગત સેવા પૂરી પાડે છે અને જરૂરી કિસ્સામાં બ્લડ-સ્ટેમ-સેલ ડોનર્સ શોધી આપીને કિંમતી સમય બચાવી દર્દીને નવજીવન આપે છે. એજ પ્રકારે બોન મેરો ડ્રાઈવ્સ ના કાર્યક્રમ તળે બોન-મેરો-ડોનર્સ ઉપલબ્ધ કરે છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી બોન-મેરો-ડ્રાઈવ તળે આ વર્ષ દરમ્યાન ૧૬૦ બોન-મેરો-ડોનર્સનું રજિસ્ટ્રેશન કરાયું છે. નીચેના સ્થળોએ બોન-મેરો-ડ્રાઈવ્સ સત્સંગ માટે બોન-મેરો ડોનેશનની સગવડ ઉપલબ્ધ કરાઈછે.

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર, કોલોનિયા, ન્યુજર્સી (તા. ૪-૯-૦૫ના કાર્યક્રમથી ૪૨ ડોનર્સનું રજિસ્ટ્રેશન થયું.)
૨. શ્રી સ્વામિનારાયણ મંદિર, નોરવોક કોલફોર્નિયા (તા. ૨૪-૧૨-૦૫ના કાર્યક્રમથી ૨૬ ડોનર્સ નોંધાયા)
૩. શ્રી સ્વામિનારાયણ મંદિર, હ્યુસ્ટન, ટેકસાસ (તા. ૧૧/૧૨-૩-૨૦૦૬ના કાર્યક્રમથી ૩૧ ડોનર્સનું રજિસ્ટ્રેશન થયું.)
૪. શ્રી સ્વામિનારાયણ મંદિર, વિહોકન, ન્યૂજર્સી (તા. ૮-૪-૦૬ના કાર્યક્રમથી ૨૫ ડોનર્સનું રજિસ્ટ્રેશન થયું.)
૫. શ્રીસ્વામિનારાયણ મંદિર, કોલોનિયા ન્યુજર્સી (તા. ૭-૫-૦૬ના કાર્યક્રમ દ્વારા ૩૯ ડોનર્સનું રજિસ્ટ્રેશન થયું.)
૬. શ્રી સ્વામિનારાયણ મંદિર, લોવેલ, મેસેચ્યૂસેટસ (તા. ૧૦-૬-૨૦૦૬ના કાર્યક્રમથી ૨૫ ડોનર્સ નોંધાયા)
૭. શ્રી સ્વામિનારાયણ મંદિર, હ્યૂસ્ટન, ટેકસાસ (યુ.એસ.એ.) (તા. ૨૩-૭-૦૬ના કાર્યક્રમમાં ૧૪ દાતા બોન-મેરો રજીસ્ટ્રીમાં શામેલ થયા.)
૮. શ્રી સ્વામિનારાયણ મંદિર, કોલોનિયા, ન્યૂજર્સી (તા. ૧૨-૮-૦૬ના કાર્યક્રમમાં ૨૨ દાતાઓ બોન મેરો રજિસ્ટ્રીમાં નોંધાયા.
૯. શ્રી સ્વામિનારાયણ મંદિર, સ્કોટસડેલ, એરીઝોન, અમેરિકા, (તા. ૧૨-૮-૦૬ના કાર્યક્રમમાં ૩૯ દાતાઓ બોન મેરો રજિસ્ટ્રીમાં નોંધાયા.
૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર, લોવેલ, મેર્સચ્યુસેટસ, યુ.એસ. (તા. ૧૯-૮-૦૬ના કાર્યક્રમમાં દાતાઓ બોન મેરો રજિસ્ટ્રીમાં શામેલ થયા.)

રક્તદાન અભિયાન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ રક્તદાન માટે લોક જાગૃતિનું અભિયાન ચલાવવાની પ્રેરણા કરીને અમેરિકાના આ રાજ્યોની હોસ્પિટલોમાં જરૂરમંદ દર્દીઓને સારવાર અર્થે રક્તનો પુરવઠો બરાબર મળતો રહે તે માટે વિશેષ ધ્યાન આપ્યુ છે. રેડ-ક્રોસ અમેરિકા આ રાજ્યોમાં રક્તદાન અભિયાન ચલાવીને રક્તદાન દ્વારા માનવ રક્તનો સંચય કરે છે અને રક્તનો પુરવઠો હોસ્પિટલોને બરાબર મળતો રહે તે માટે તત્પર રહે છે. I.S.S.O. સેવાએ આ રેડ-ક્રોસ યુનિટના સહયોગમાં રક્તદાન શિબિરનું આયોજન કરી અનુક્રમે ન્યુજર્સી બ્લડ ડોનેશન સર્વિસીસ, ન્યૂયોર્ક બ્લડ ડોનેશન સર્વિસીસ, રીજિઅનલ ગલ્ફ કોસ્ટ અને ચિલ્ડ્રન્સ હોસ્પિટલ ઓફ હાર્વર્ડના સહયોગમાં શિબિરોનું આયોજન કરી આ વિસ્તારની હોસ્પિટલોમાં રક્તનો પુરવઠો પુરો પાડ્યો. સત્સંગી હરિભક્તો અને સ્થાનિક નાગરિકોએ આગળ આવી રક્તદાન કર્યું. રક્તની જરૂરતવાળા અસહાય દર્દીને રક્ત પુરું પાડવાની સેવા, માનવતાનું ઉમદા કાર્ય છે.

આપત્કાલિન સેવાઓ

પ્રાકૃતિક આપત્તિ અને માનવ સર્જિત હોનારતના આપત્ગ્રસ્તોની મદદ એ માનવ સેવાનું ઉમદા કાર્ય છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ I.S.S.O. સેવાને વિશ્વ કક્ષાની અને સાર્વત્રિક સેવા સંસ્થા બની રહેવાના આશીર્વાદ પાઠવ્યા છે. આ સંસ્થા આ વિશ્વના કોઈપણ ભાગમાં આપત્ત ગ્રસ્તોને મદદ કરવા માટે તત્પર રહે છે. આ સેવાઓમાં તબીબી સેવા, સ્વાસ્થ્ય સેવા, ઓષધ-ઉપચાર, અને અન્ય દરેક પ્રકારની ભૌતિક સેવાઓનો સમાવેશ થાય છે. સ્વસ્થ, સુરક્ષિત સમાજ વ્યવસ્થાનું નિર્માણ કરવામાં આજ એ માળખાને સુદ્રઢ કરવા માટે આઈ.એસ.એસ.ઓ સેવા તત્પર રહે છે. આ પ્રકારની સેવાઓ રાજ્યો અને રાષ્ટ્રોના સીમાડા ઓળંગીને, રંગ અને જાતિ ભેદને બાજુએ મુકીને વસુધૈવ કુટુમ્બકમ્ ના વૈદિક સત્યને સાકાર કરે છે. ગરીબી અને ભૂખમરા સામેની

(અનુસંધાન ૧૦માં પાને)

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની "કૈલાશ માનસરોવર યાત્રા"



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના પુનિત ચરણારવિંદથી પાવન થયેલ પરમ પવિત્ર માનસરોવરમાં આજે પણ દેવો પ્રત્યક્ષ સ્નાન કરવા પધારે છે. શ્રીજી મહારાજ શ્રીનીલકંઠવર્ણી સ્વરૂપે ૧૧ વર્ષની કુમળી વયે આજથી લગભગ ૨૧૫ વર્ષ પહેલાં ઉઘાડા ચરણારવિંદે વનવિચરણ દરમ્યાન હિમાલયના દુર્ગમ પર્વતો સર કરી કૈલાશ પર્વતની તળેટીમાં આવેલ, બ્રહ્માજીએ ખુદ મનોકામનાથી સર્જેલ, જ્યાં હંસો સાચા મોતીનો ચારો ચરે છે તેવા માનસરોવરમાં સ્નાન કરી તેને મોક્ષદાયી, કલ્યાણકારી બનાવ્યું.

ગંગોત્રી, યમુનોત્રી, કેદારનાથ, બદ્રિનારાયણ ૧૨૦૦૦ ફૂટ ઊંચાઈએ છે, જ્યારે માનસરોવર ૧૮૦૦૦ ફૂટની ઉંચાઈએ છે. બદ્રિનારાયણથી હવે સીધો રસ્તો તૈયાર થઈ રહ્યો છે. શ્રીસ્વામિનારાયણ ભગવાને સ્થાપિત બંને ગાદી અમદાવાદ તથા વડતાલ પૈકી અમદાવાદ શ્રી નરનારાયણદેવ ગાદીના પીઠાધિપતિ છઠ્ઠા આચાર્ય પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ૨૧૫ વર્ષ બાદ સંપ્રદાયમાં પ્રથમ આચાર્યશ્રી તરીકે માનસરોવર પધાર્યા.

યાત્રા પૂર્વે ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ફોન કરી શુભેચ્છા પાઠવી. તેમજ ગુજરાત સરકારના મંત્રીશ્રીઓ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા શ્રી કૌશિક પટેલ રૂબરૂ દર્શને આવ્યા હતા.

તા. ૨૯મી સપ્ટેમ્બરના રોજ સવારે અમદાવાદથી પ.પૂ. મોટા મહારાજશ્રી છ સંતો તથા ૧૦૦ હરિભક્તો સહિત જેટ એરવેજ, એર સહારા એરલાઈન્સથી વાયા દિલ્હી થઈ નેપાળની રાજધાની કાઠમંડુ શહેર પહોંચ્યા. સમગ્ર યાત્રાળુઓને શ્રી પશુપતિનાથ મહાદેવ તથા શેષશૈયામાં સૂતેલા શ્રી વિષ્ણુ ભગવાનનાં દર્શન કરાવ્યાં. પૂ. મહારાજશ્રીએ ત્યાં શિવલીંગની ષોડશોપચાર મહાઅભિષેક કરાવી પૂજા કરી.

કાઠમંડુથી ચીનની બોર્ડર ઉપર વીઝા પ્રોસેસ કરી : બીજે દિવસે સ્પેશ્યલ ગાડીમાં પ.પૂ. મહારાજશ્રી તથા અન્ય ચાર લકઝરી બસોમાં હરિભક્તોએ ન્યાલમ તરફ પ્રયાણ કર્યું. નેપાળમાં માઓવાદીઓએ બસના પેસેન્જરોને રોકી તેમના ફંડ માટે થોડી રકમની માગણી કરી જે ટ્રાવેલ્સ એજન્ટે ચૂકવી દીધી. હિમાલયના દુર્ગમ પહાડો, કલકલ કરતાં નાના-નાના ઝરણાં તથા ચોતરફ કુદરતની મહેરથી લીલીછમ હરિયાળી, ઘટાદાર વૃક્ષો, પર્વતો ઉપર ચઢઉતર કરતા વાંકાચુંકા રસ્તાઓ કાપી આઠ કલાકે સર્વે ન્યાલમ પહોંચ્યા. ૬૦૦૦ ફૂટની ઉંચાઈ પર પહોંચતા પાતળી હવાને લીધે શ્વાસોચ્છવાસની તકલીફની થોડી ઝાંખી થવા લાગી. બે દિવસ ત્યાં આરામ કર્યો.

ન્યાલમથી પૂ. મહારાજશ્રી તથા સંતો તેમજ હરિભક્તો લેન્ડક્રુઝર ગાડીઓમાં ફરી આગળ સાગા તરફ પ્રયાણ કર્યું. વચ્ચે વચ્ચે ટેન્ટમાં સ્પેશ્યલ જમવાની વ્યવસ્થા હતી. અનેક કુદરતી સૌંદર્યને પૂ. મહારાજશ્રી તેમના કેમેરા તથા વીડીઓમાં કંડારતા સર્વે સાગાની નવીજ મોટલમાં પહોંચ્યા. અહીં પણ નવીનતા એ કે ગરમ પાણી સાંજે જ મળે. સવારે ઠંડુ પાણી અને તે પણ બે જ કલાક. યાત્રામાં મુશ્કેલી ન પડે તો તેને યાત્રા ન કહેવાય. સંતો સ્વયં થાળ કરી ભગવાનને ધરાવી, પૂ. મહારાજશ્રીને જમાડતા, પૂ. મહારાજશ્રીની અનુભુતિથી સ્વયં શ્રીજી મહારાજ સાથે હોય તેવું જ લાગતું હતું. ૪૦૦૦ ફૂટ વધું ઉંચાઈ પણ આનંદથી ચઢી ગયા. ત્યાં બે દિવસ રોકાણ કર્યું.

સાગાથી હવે પર્યાગ તરફ પ્રયાણ કર્યું. ફરી ૬૦૦૦ ફૂટ ઉંચાઈએ વચ્ચે વચ્ચે આનંદ કિલ્લોલ કરતા ન્યાલમ મુનિજીના આશ્રમે પહોંચ્યા. સ્વામી ચિદાનંદ સરસ્વતીજી એ મહેનત કરી ફાળો કરી આ આશ્રમ યાત્રાળુ માટે જ બનાવેલ છે. ત્યાં એક દિવસ આરામ કર્યો. શ્વાસની મુશ્કેલી હવે જણાતી હતી. પર્યાગથી હવે ખરો વિકટ યાત્રા પ્રવાસ ચાલુ થયો. શ્વાસની મુશ્કેલી કોઈ કપુરથી તો કોઈ ઓક્સિજનથી નિવારતું હતું. સાંજે ૪-૦૦ વાગે માનસરોવરના પ્રત્યક્ષ દર્શન થયા. પૂ. મહારાજશ્રીએ સંતો, હરિભક્તો સાથે ગાત્રો થીજાવી દે તેવી ઠંડીમાં માનસરોવરમાં સ્નાન કર્યું. ઘણાએ પાઠ કર્યા. માળા કરી. માનસરોવરને કિનારે પૂ. મુનિજીના બીજા આશ્રમમાં સૌ યાત્રિકોએ ઉતારો કર્યો. શરદ પૂનમની સુંદર રાત્રિ હતી. આજે અહીં સાક્ષાત્ સર્વાવતારી શ્રીહરિના ફટ્ટા વંશજના અલૌકિક આગમનથી ચંદ્રમાં પણ સોળે કળાએ ખીલી ઉઠતાં માન સરોવરના નિર્મળ જળમાં તેનું પ્રતિબિંબ દેખાતું હતું. તારલાઓ ટમટમતા હતા. ખરેખર અહીંના વાતાવરણમાં દિવ્યતા અને અલૌકિકતા નજરે તરતી હતી. ૧૮૦૦૦ ફૂટની ઊંચાઈએ જમીને સૌ કુદરતના આ નયનરમ્ય સર્વોત્તમ સૌંદર્યને નિહાળીને સૌ મનોમન અતિ આનંદ સાથે જીવનને ધન્ય અને ભાગ્યશાળી માની દિવ્યતા અનુભવતા હતા. દેવો જેમાં નિત્ય સ્નાન કરે છે. નજીકમાં જ સુંદર સફેદ વસ્ત્રો પરિધાન કર્યા હોય તેવો સફેદ મલમલના કાપડ જેવા બરફથી આચ્છાદિત કૈલાસ પર્વત છે. ચારે બાજુ પર્વતોની હારમાળા એક નવીજ દુનિયાની ઝાંખી કરાવતા હતા. પવિત્ર વાતાવરણમાં નીલકંઠ વર્ણીરૂપે ભગવાન સૌ યાત્રિકોની રક્ષા કરતા હતા. માન સરોવર યાત્રાની વાત કરવી કે મુવી-કેમેરામાં જોવું અને પ્રત્યક્ષ યાત્રાની જે અનુભૂતિ અને કષ્ટ તે તો યાત્રા કરી હોય તેને જ અનુભવ કે પ્રતિતી થાય. અહીં ગમે તેવી થાકની ઊંઘ આવી હોય છતાંય શ્વાસ ચડવાનું ચાલુ થઈ જાય એટલે ગમે તેવી ઊંઘમાંથી બેઠું થઈ જવું પડે ! છતાં પણ સર્વોપરિ શ્રીહરિના અપર સ્વરૂપના સાનિધ્યમાં દરેક ભક્તોનું મનોબળ દ્રઢ બન્યું હતું. ઊંઘમાંથી બેઠા થઈ જવાય તેવી શ્વાસની પ્રક્રિયા હતી.

પ્રાતઃકાળે મહાપૂજાનું અલૌકિક-દિવ્ય આયોજન વેદવિધિસર સંપન્ન થયું. જેમાં માનસરોવરના પવિત્ર કિનારે પ.પૂ. મોટા મહારાજશ્રીના મુખ્ય યજમાનપદે સંતો સાથે દરેક યાત્રાળુઓ મહાપૂજામાં જોડાયા હતા. મુળી મંદિરના સંત શ્રી ભક્તિહરિદાસજીએ કડકડતી ઠંડીમાં વિધિવત રીતે મહાપૂજા કરાવી હતી. મહાપૂજા વિધિ પ્રસંગે ૨૧૫ વર્ષ પૂર્વેના શ્રીનીલકંઠવર્ણીના ઐતિહાસિક પ્રસંગની તાદશ દર્શનની સૌને અનુભૂતિ થતી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રીની અતિ કૃપાથી સૌના મનોરથ મનોકામના પૂર્ણ થતા સૌ યાત્રિકો જીવનની આ ક્ષણ-પળને ધન્યતા માનતા હતા. ફરી કૈલાશ માન સરોવરના સૌએ દર્શન કરી બપોરના શ્રીહરિકૃષ્ણ મહારાજને થાળ જમાડી સૌ ભક્તોએ માનસરોવરનું દિવ્ય-અલૌકિક જળ લઈને સાંજે પર્યાગ રવાના થયા. ઘણા હરિભક્તો ત્રણ દિવસની કૈલાસ પર્વતની પરિક્રમા કરવા રોકાયા હતા. સાંજે પર્યાગ આશ્રમમાં ઉતારો કર્યો. ત્યાંથી બીજે દિવસે સાગા થઈ ન્યાલમ પહોંચ્યા. ત્યાંથી કાઠમંડુ આવ્યા. કઠીન યાત્રાનાં સંસ્મરણોને વારંવાર યાદ કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે સૌ દિલ્હી થઈ અમદાવાદ પધાર્યા.

સર્વે યાત્રામાં આ યાત્રા અતિ કઠિન છે. પરંતુ શ્રીહરિના અપર સ્વરૂપ પૂ. મોટા મહારાજશ્રીની સાનિધ્યમાં યાત્રા કરવાથી પળેપળ સ્વયં શ્રીજી મહારાજ રક્ષા કરવા હાજર હોય તેવા દર્શન-પ્રતિતી અને અનુભવ સૌ યાત્રિકોને થતો હતો.

- અહેવાલ : પ્રહલાદભાઈ પટેલ
(ન્યુજર્સી, યુ.એસ.એ.)

પ.પૂ. મહારાજશ્રીના અમૃત તુલ્ય આશીર્વચન

સંકલન - ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

વિજયા દશમી એટલે દૈવી તત્વોનો આસુરી તત્વો પર વિજય મનુષ્યને બહારના શત્રુઓ જેટલા હેરાન નથી કરતા એટલા કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષ્યા, અહંકાર વગેરે અંતઃશત્રુઓ હેરાન કરે છે. અંતઃશત્રુઓ પર વિજય મેળવવો એ જ સાચો વિજય છે. કારણ કે અંતઃશત્રુઓ મોક્ષમાર્ગમાં ખૂબ વિઘ્નકર્તા છિદ્રો છે. આપણા અમદાવાદ મંદિરમાં આ દિવસે બ્રહ્મચારી તથા પૂજારી સંતોએ દેવોને ઢાલ, તલવાર વગેરે શસ્ત્રો ધારણ કરાવ્યા હતા. દશેરાના દિવસે શસ્ત્રોનું પૂજન કરવાની પરંપરા છે. દેવની સાથે શસ્ત્રોનું પણ પૂજન થઈ જાય છે. દર્શન કરતા એવો ભાવ થાય છે કે શ્રીહરિએ પોતાના ભક્તોના અંતઃકરણમાંથી અંતઃશત્રુઓ નો નાશ કરવા શસ્ત્રો ધારણ કર્યા છે. અંતઃશત્રુઓ પર વિજય મેળવવા ભક્ત જો થોડું બળ કરે તો શ્રીહરિ તેને સહાય કરવા તત્પર જ છે.

દશેરા એટલે શ્રીહરિના સાતમાં વંશજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાગટ્ય દિવસ. પ.પૂ. મહારાજશ્રીના પ્રાગટ્યોત્સવ પ્રસંગે જે હરિભક્તો સવારમાં કાળુપુર મંદિરે દર્શન કરવા આવે છે તે હરિભક્તોને પ્રત્યક્ષ પ.પૂ. મહારાજશ્રીના મુખેથી આશીર્વચન સાંભળવાનો લ્હાવો પ્રાપ્ત થાય છે. દૂર દેશાંતરથી હરિભક્તો આ દિવસે અમદાવાદ મંદિરે ન આવી શકે એ સ્વાભાવિક છે. આપણું શ્રી સ્વામિનારાયણ માસિક દૂર દેશાંતરમાં દર મહિને પહોંચી જાય છે. તે માસિકના માધ્યમથી દૂર દૂરના હરિભક્તો પણ પ.પૂ. મહારાજશ્રીના આશીર્વચન વાંચી શકે તે હેતુથી અત્રે ટૂંકમાં લખું છું. એ લખતા પહેલા પ.પૂ. લાલજી મહારાજશ્રીને પણ સત્સંગ સેવા કરવાની કેટલી ધગશ છે. તે જોઈએ.

પ.પૂ. લાલજી મહારાજશ્રી : આજના પ્રસંગે ઉપસ્થિત સર્વે હરિભક્તો ને મહારાજ દીર્ઘાયુષ બક્ષે એવી શ્રી નરનારાયણદેવને પ્રાર્થના સાથે સાથે અમારા પિતાશ્રીના જન્મ દિવસ પ્રસંગે અમારા પિતાશ્રી પાસે અમે એવા આશીર્વાદ માંગીએ છીએ કે **અમને સત્સંગ સેવા કરવાનું ખૂબ બળ મળે અને અમે સંપ્રદાયનું નામ રોશન કરીએ.**

પ.પૂ. મહારાજશ્રી : શિક્ષાપત્રીમાં મહારાજે લખ્યું કે અમારી આ આજ્ઞાઓ સર્વે પ્રીતિએ કરીને પાળજો અને વળી તરત જ લખ્યું કે સાવધાન પણે પાળજો. કેટલાંક આજ્ઞાઓ બળજબરીથી પાળતા હોય છે. કેટલાક આજ્ઞાઓ ભયથી પાળે તો કેટલાક લાલચથી પાળે છે. પરંતુ પ્રીતિએ કરીને આજ્ઞાઓ પાળવી એ શ્રેષ્ઠ છે. પ્રીતિએ કરીને આજ્ઞાઓ ક્યારે પળાય. જ્યારે મહારાજ જેવાછે તેવા ઓળખાય. મહારાજ સાથે પ્રીતિ થાય તો આજ્ઞાઓ પણ પ્રીતિએ કરીને પળાય. વ્યવહારમાં જેની સાથે સાચો સ્નેહ હોય તેનું કહ્યું માનીએ છીએ.તે કહે તેના કરતા પણ વધારે કામ કરી દઈએ છીએ. જો સ્નેહ ન હોય તો કહે તેનાથી અવળું કરીએ છીએ.

અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિએ સત્સંગની આ ગાદી કરી છે. તેને લાંછન લાગે, સંપ્રદાયને લાંછન લાગે તેવું કોઈ વર્તન કરશોમાં. કારણ કે સત્સંગ કે મહારાજ એ અમારા એકલાના નથી. સંત અને હરિભક્તોના પણ મહારાજ છે, સંપ્રદાય છે. આ સંપ્રદાય ચલાવવા દરેકના સાથની જરૂર પડે છે. મહારાજે આપણને સૌ પ્રથમ નરનારાયણદેવ આપ્યા. પૂ. બાપુજી માન સરોવરની યાત્રાએ પધાર્યા ત્યારે બોલ્યા હતા કે "અમો તો ત્યાં ફોટા પાડવા જઈએ છીએ. બાકી જે છે તે બધું અહીંયા છે." આપણે જાણીએ છીએ કે પૂ. બાપુજીને ફોટોગ્રાફીનો શોખ છે. મહારાજે આપણને દેવ આપ્યા, તે દેવોમાં રહીને મહારાજ આપણું કલ્યાણ કરે છે. મહારાજે આપણને સંતો, હરિભક્તો, શાસ્ત્રો આપ્યા. તેનાથી અધિક કોઈ પ્રાપ્તિ નથી. શ્રીનરનારાયણદેવ એટલા પ્રત્યક્ષ છે કે હરિભક્ત પોતાની નાનામાં નાની ફાઈલ લઈને આવે તો પણ તેની એ ફાઈલ નરનારાયણદેવ તુરંત પાસ કરે છે. ગાંધીનગર કે દિલ્હી કોઈ ફાઈલ લઈને જાય તો કેટલા ધક્કાએ કામ થાય છે તે સૌ જાણે છે.

અમો એકવાર રોડ પરથી ગાડીમાં પસાર થતા હતા. સાથે સંતો પાર્ષદો પણ હતા. રોડ પર ટ્રાફિક જોયો એટલે બહાર નજર કરી તો રોડના ડિવાઈડર

પર એક ૮-૧૦ વર્ષની દીકરી પેટના ખાડા અર્થે ખેલ કરતી હતી. ધોમ ઉનાળો હોવાથી તાપ એટલો હતો કે ગાડીનો કાચ ખોલતા પણ તાપ લાગે. આવા તાપમાં આ દ્રશ્ય જોઈ અમારા રૂવાંડા ઉભા થઈ ગયા. મહારાજે આપણા ઉપર કેટલી કરુણા કરી છે કે સત્સંગની ગાદી પર બેસતાની સાથે રામાનંદ સ્વામી પાસે સત્સંગી માટે અન્ન-વસ્ત્રનું સુખ માંગી લીધું. આજ્ઞામાં વર્તીએ તો આબરૂનું સુખ પણ મળે. આપણું અસ્તિત્વ જ મહારાજ થકી છે. સત્સંગ સેવા ફક્ત વાતોથી નથી થતી, પરંતુ મન, કર્મ, વચને તેમાં જોડાઈએ તો જ કંઈક કરી શકીએ છીએ. મહારાજ સૌને આજ્ઞાઓ પાળવાનું ખૂબ બળ આપે એ જ આજના દિવસે પ્રાર્થના .

પ.પૂ. મોટા મહારાજશ્રીએ મૂળી જન્માષ્ટમી પ્રસંગની સભામાં જે આશીર્વચનો ઉચ્ચાર્યા હતા તે અંતર્ગત થોડા વાક્યો લખવા ખૂબ જરૂરી છે. "અમને બરાબર યાદ છે કે મહારાજશ્રીના ગાદી અભિષેક પ્રસંગે તેઓ બોલેલા કે શ્રી નરનારાયણદેવ ની કે મહારાજની વફાદારીની જ્યાં વાત આવે ત્યાં અમે કોઈ સમાધાન કરવા માંગતા નથી. આ બાબત મહારાજશ્રી ના હાથ ક્યારે મજબુત થાય ? જ્યારે આપણે સૌ પણ તેઓશ્રીને એવો સહકાર આપીએ. મન, કર્મ, વચને શ્રીનરનારાયણદેવના થઈને રહીએ. સત્સંગની મહારાજે માત્ર અને માત્ર બે જ ગાદી કરીછે. મૂળ સંપ્રદાયમાં રહીને પુષ્ટ બન્યા પછી ઘણાં જુદા પડે છે. તેથી અમે તો એવું કહીએ છીએ કે, મસ્જિદમાં જવાય, ચર્ચમાં જવાય, ગુરૂદ્વારામાં જવાય પરંતુ અહીંથી જુદા પડેલા મંદિરો કે સંસ્થાઓમાં ન જવાય. બે ગાદી છોડીને અન્ય ગમે તે વધારાની ગાદી સાથે જોડાણ ધરાવતા હોય તેવા સંતોના મોઢા જોવામાં પણ દોષ છે ! જો કે મહારાજનું તેમાં પણ કંઈક પ્લાનીંગ હશે. પરંતુ આપણે પણ સાવધ રહેવું જોઈએ."

આટલી વાત જો હરિભક્ત માત્ર હૈયામાં એક વાર ઉતારી દે તો "આપણે તો બધું સરખું ! અમે તો બધે જઈએ ! ભગવાન તો એક જ છે ને !" આવું બોલાતું બંધ થઈ જાય.

I S S O Seva

(પાના નં પનું ચાલુ)

લડતમાં વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાનો સાથે સહયોગ કરે છે. કુદરતી આપત્તિયોમાં આપત્ગ્રસ્તોને મિત્ર ભાવે મદદ કરે છે.

ઘરવગરના નિરાધારોની વ્યક્તિગત સેવા

ગ્રેટર લોવેલ એરિયામાં આવેલું લોવેલ-ટ્રાન્ઝીશનલ સીવીંગ સેંટર, આ વિસ્તારનાં સ્ત્રી-પુરુષો કે જેમને રહેણાંકની અને રહેણાંક સંબંધી સેવાઓની જરૂરત છે તેવા અસહાય લોકો ટાન્ઝીશનસ સેવાઓ પૂરી પાડતું કેન્દ્ર છે. એ કેન્દ્ર પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરની સેવા સંસ્થાઓના સક્રિય સહયોગથી ટ્રાન્ઝીશનલ શેલ્ટર અને વિવિધ સેવાઓ જરૂરતમંદો માટે ઉપલબ્ધ કરે છે. "I.S.S.O. સેવા' બોસ્ટને આ કેન્દ્રના ૧૬૦ આશ્રિતો માટે શાકાહારી ભોજનની વ્યવસ્થા કરી છે. 'સેવાએ' આ 'અન્નદાન-દાન' સેવાના ઉમદા કાર્ય માટે સ્પોન્સર્સ તૈયાર કરી બપોર અને રાત્રીના ભોજન અને નાસ્તા માટેનો માસિક ધોરણે કાર્યક્રમ તૈયાર કર્યો છે. I.S.S.O. સેવાના મેમ્બર્સ, આ વિસ્તારના વ્યાપાર કેંદ્રો અને ચર્ચમાં તૈયાર થયેલ વધારાની ખાનપાન સામગ્રી, ટ્રન્સીશનલ શેલ્ટર્સ માં પહોંચાડી જરૂરત મંદોની સેવા કરે છે.

કત્રીના રીલીફ ૨૦૦૫

કત્રીના ગ્રસ્ત ઓરલીઅન્સના નવનિર્માણ સાથે જ I.S.S.O. સેવા આ ક્ષેત્રના લોકોના બચાવ કાર્યમાં આગળ વધી અને તેમની રોજિંદી જરૂરીયાતો, વિખરાયેલા પરિવારોના પુનઃ મેળાપ અને આવક-રોજગારીના સાધનોની ઉપલબ્ધ અર્થે સક્રિય થઈ. સેવાએ આપત્ગ્રસ્તો ને મદદરૂપ થવા દિવસ-રાત એક કરીને, સ્વયં સેવકોના વિશાળ કાફલાને અંતરીયાળ વિસ્તારોમાં પહોંચાડી અસરગ્રસ્તોના બચાવ અને પુનઃસ્થાપન કાર્યક્રમો અમલમાં મૂક્યા. બુનિયાદી જરૂરતો, ફુડ પેકેટસ, કીટસ વગેરે પીડીતો સુધી પહોંચાડી ખોરાક, વસ્ત્ર અને આશરાની ગોઠવણો કરી ન્યુજર્સી અને મેસેચ્યુએટસના વિસ્તારોમાં ફરીને વિશાળ માત્રામાં વસ્ત્રો, રમકડા અને જીવન જરૂરતની ચીજો એકઠી કરી આપતગ્રસ્ત પરિવારોને આ સામગ્રી પહોંચાડીને જીવનના પુનઃઆયોજન માટે દઢ આત્મબળ પુરું પાડ્યું.

સત્સંગિ ભૂષણ પારાયણમાંથી આચમન

(મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસજી)
સંકલન : ગોરધનભાઇ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

— આપણા કરતા વધારે બળવાન અને શક્તિશાળી હોય તેની આગળ ન બોલવું એવું નીતિ શાસ્ત્ર કહે છે.

— નાશવંત પદાર્થમાં જેને આસક્તિ હોય તેને જરૂર જન્મ લેવો પડે છે. જ્યાં જ્યાં જેને જેવી જેવી આસક્તિ હોય ત્યાં ત્યાં તેને તેવો જન્મ લેવો પડે છે.

— સ્વામિનારાયણ ભગવાન કહે છે, કોઈ ચમત્કાર દેખાડે, કામણ ટુંમણ કરે તેનો અમારા સત્સંગીએ વિશ્વાસ કરવો નહિ. ભગવાન અને ભગવાનની ભક્તિ ઉપર વિશ્વાસ કરવો.

— અયોધ્યામાં ઘનશ્યામ મહારાજ કંદોઈની દુકાનેથી મીઠાઈઓ જમ્યા, તેથી ઘનશ્યામ મહારાજના વરદાનથી આજે પણ કોઈપણ કંદોઈની દુકાને ગમે તેટલા દિવસની બનાવેલી મીઠાઈ હોય તો પણ બગડતી નથી. તાજી હોય તેવી જ લાગે, જ્યારે એની એજ મીઠાઈઓ કોઈ વ્યક્તિના ઘેર પડી રહે તો ૪ દિવસમાં જ ફુગ વળી જાય છે.

— પુરૂષો જે કંઈ જપ, તપ, વ્રત, યોગ, યજ્ઞઆદિક સત્કર્મ કરે તેના પુણ્ય નો અડધો ભાગ પોતાની પત્નિને મળે છે. તેથી તે અર્ધાંગિની કહેવાય છે. પુરૂષ જે કંઈ જીવ, હિંસા, ચોરી, લૂંટફાટ આદિક અધર્મ કરે તેનું પાપ પુરૂષને એકલાને ભોગવવું પડે છે. પુરૂષે કરેલા ધર્મમાં સ્ત્રીનો ભાગ, પરંતુ અધર્મમાં ભાગ નહિ, તેથી સ્ત્રીને ધર્મપત્નિ કહેવામાં આવે છે. જીવ હિંસા આદિક અધર્મ જો સ્ત્રી કરે તો તેનું પાપ તે સ્ત્રીના પતિને લાગે છે. પુરૂષનો ધર્મ છે કે પોતાની સ્ત્રીને પાપ માર્ગેથી રોકવી. શાસ્ત્રનો આવો ન્યાય હોવાથી થોડા સત્કર્મથી પણ સ્ત્રીઓને પહેલા ભગવાન મળે છે. ભગવાનનો જ્યારે અવતાર થાય ત્યારે સુતિકા ગૃહમાં માતાને પ્રથમ ભગવાનનું દર્શન થાય છે.

— સ્ત્રીની દૃષ્ટિ કરૂણા અને દયાવાળી હોય છે. જ્યારે પુરુષની દ્રષ્ટિ ભારે હોય છે. માટે પ્રસુતિગૃહમાં છ દિવસ સુધી બાળકનું મુખ પુરૂષે ન જોવું. પુરૂષની દ્રષ્ટિ કઠોર હોવાથી બાળક કઠોર અને ક્રૂર થાય છે. લેસર કિરણો કરતા દસ હજાર ગણી માણસની દ્રષ્ટિમાં તાકાત છે. નજરમાં એવો પ્રભાવ છે. યોગી પુરૂષો પોતાની દ્રષ્ટિની તાકાતનો સદુપયોગ કરી શકે છે. ગોપાળાનંદ સ્વામીએ સત્સંગીનું માથું રાખવા ચંદ્રગ્રહણ અટકાવી દીધેલું.

— ભગવાનને શરણે જેણે પોતાનું જીવન સમર્પિત કર્યું હોય તેવા સત્પુરૂષ, તેવા સાધુ પુરૂષોને જેણે વંદન કર્યું હોય, જમાડ્યા હોય તેવા જનોને મોક્ષ દુર્લભ નથી.

— જ્યાં સ્ત્રી અને પુરૂષ, નાના અને મોટા, સારા અને નરસાનો ભેદ હોય ત્યાં ભય છે. પરમાત્માના દિવ્ય અક્ષરધામમાં આવો ભેદ નથી હોતો. ત્યાં માત્ર ભગવાન અને ભગવાનના મુક્તો હોય છે.

— પરમાત્માનું સતત સ્મરણ કરે તેનું અંતઃકરણ નિર્મળ થાય છે.

— પરમાત્માને પત્ર, પુષ્પ, ફળ અને જળ પણ જો ભાવથી શ્રદ્ધા-ભક્તિથી અર્પણ કરવામાં આવે તો તેનાથી પણ પરમાત્મા તૃપ્ત થઈ જાય છે અને રાજી થઈ જાય છે.

— મગ બફાવા મૂકીએ એટેલ બધા માગ બફાય જાય. પરંતુ તેમાં રહેલી મગડી ચડે નહીં. બફાય નહીં. પાકેલા ગલકાને ખેડૂતો તોડીને ખેતરના શેઢે ફેંકી દે. તેના ઉપરથી ગાડું પસાર થાય, ગાડાથી પાકા ગલકા દબાય તો પણ પાછા એવાને એવા થઈ જાય. સત્સંગમાં પણ એવું છે. અમુક લોકો સત્સંગની વાતથી માથું હલાવ્યા કરે. 'સાચી વાત, સાચી વાત' એમ કર્યા કરે. પરંતુ પાછા ઘેર જાય એટલે ત્યાં સંસારની પણ સાચી વાત, સાચી વાત કહે, એટલે પાકા ગલકા જેવા રહે.

— અત્યારે નામ ખૂબ સુંદર હોય છે. પરંતુ તે વ્યક્તિના કામ બગડી ગયા છે. જ્યારે પહેલા કચરો, મફત, ઉકરડો, ઠનઠનમાલ વગેરે નામો સારા નહોતા પરંતુ તે વ્યક્તિઓના કામ સારા હતા.

— ભગવાન પોતાના ભક્તને લૂંટાવા નથી બેઠા. ભગવાન પોતાના ભક્ત પાસે આવકનો ફક્ત દસમો-વીસમો ભાગ ધર્માદા રૂપે માંગે છે. ભગવાન ધર્માદો સ્વીકારી ને પોતાના ભક્તનો વ્યવહાર વધારે સુખી થાય એવું કરે છે. ભગવાન હમેશા પોતાના ભક્તનું શ્રેય કરે છે. મારો ભક્ત કોઈ રીતે દુઃખી ન થાય તેની ચિંતા ભગવાન

કરે છે.

— મંત્ર તંત્રને મેલડી બધું તુતંતુત, હરિભક્તને હોય નહિ. એવું બધું તુત આપણે બીજાને વળગીએ ચાલો સત્સંગમાં, ચાલો મંદિરે !! ત્યારે આપણે ખરા ભક્ત !

— ઘરના દરેક સભ્યોએ સાંજના ભેગા મળી નિયમિત ઘર સભા કરવી. ઓછામાં ઓછું શાસ્ત્રનું એક પાનું કે ઓછામાં ઓછી ૧૦ મિનિટ ભગવાનની કથા વાંચવી. તેનાથી કુટુંબમાં તથા ભાવિ પેઢીમાં સંસ્કારો, સત્સંગ તથા સંપ જળવાય રહેશે. સંસ્કૃતિ જળવાય રહેશે.

— જેતલપુર ધામ સર્વ પાપને હરનારું તીર્થધામ છે.

— સંત જમે તે ભેળો હું જમું રે, સંત ભમે તે કેડ્યુ હું ભમું રે ।

સંત દુઃખાણે હું દુઃખાણો રે, એહ વાત સત્ય જન જાણો રે ॥

સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે ।

સંત માનજો મારી મૂરતિરે, એમાં ફેર નથી એક રતિ રે ॥

ભગવાન કહેછે કે સાધુને જમાડવાથી તે ભેળા અમે જમીએ છીએ. ભગવાન અને ભગવાનને સંબંધ પામેલી વસ્તુનું ચિંતન મનને પવિત્ર બનાવી દે છે.

— પાપી માણસના પહાડ જેવા ગુનાને શરણાગત ભક્ત વત્સલ ભગવાન, શરણે આવેલાના ગુના રાય જેવા માને છે. મોટા ભાગે ચોર હોય કે પાપી માણસ હોય તે ભક્ત બન્યા પછી સત્સંગ ભક્તિ કરવામાં બીજા ભક્તોથી પણ આગળ વધી જાય છે.

— જીવને દેહ છોડ્યા બાદ ભક્તિ કરી હશે. મંદિરે જઈને ભગવાનના દર્શન કર્યા હશે એ ભાતું સાથે આવશે. ભગવાન મળ્યા હોય, ઓળખ હોય કે આ ભગવાનછે, પરંતુ ઘણાં જીવનો એવો સ્વભાવ છે કે ભગવાનનું નામ ન લે, ભગવાનની આજ્ઞા ન પાળે, આવો અવળો સ્વભાવ હોય તેનું કલ્યાણ ક્યાંથી થાય ?

— જાણે અજાણે 'સ્વામિનારાયણ' નામ મુખમાંથી નીકળે તેના જન્મ જન્માંતરના પાપ બળી જાય છે. સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય, ઉપાસના, દર્શન કરવાથી અક્ષરધામની પ્રાપ્તિ થાય છે.

— કાળુપુર મંદિરની નરનારાયણદેવની મૂર્તિઓ દેવતાઓના શિલ્પી વિશ્વકર્માએ બનાવેલી છે, એ મૂર્તિઓનું દેવો રોજ પૂજન કરતા હતા. હાલમાં પણ મોટા મોટા દેવો એ મૂર્તિઓનું નિત્ય દર્શન કરવા આવે છે. પ્રતિષ્ઠા સમયે યજ્ઞમંડપ (હાલમાં મંદિરના ચોકમાં જ્યાં છત્રી છે) થી મંદિરના ગર્ભગૃહ સુધી નરનારાયણદેવની બન્ને મૂર્તિઓ શ્રીજી મહારાજની સાથે ચાલીને પ્રતિષ્ઠાના સ્થાને ગોઠવાય ગઈ હતી.

— નરનારાયણદેવના ઉંબરા ઉપર ઉભા રહીને સ્વામિનારાયણ ભગવાને કહ્યું, આ નરનારાયણદેવના સ્વરૂપમાં અને અમારામાં રંચમાત્ર ફેર નથી. નરનારાયણદેવની જે કોઈ સેવા કરશે તે સેવા નરનારાયણદેવમાં રહીને અમે અંગીકાર કરીશું અને જીવાત્માને અમારા અક્ષરધામમાં તેડી જઈશું.

— નરનારાયણદેવનો જે આશ્રય કરે. દર્શન કરે તેને નરનારાયણદેવના તપનું ફળ મળી જાય છે. તે તપના ફળથી જીવાત્માને ભગવાનના સ્વરૂપની ઓળખાણ થાય છે. ભગવાનનું સ્વરૂપ ઓળખાય નહિ ત્યાં સુધી જીવ જ્યાં ત્યાં ભટકે છે.

— જેના જીવનમાં, અંતઃકરણમાં ભગવાન હોય તે બીજાના જીવનમાં ભગવાન ઉતારવા પ્રયત્ન કરે છે. સંતના હૃદયમાં ભગવાન હોય છે. તેથી સંતો બીજાના હૃદયમાં ભગવાન ઉતારે છે.

— કેટલાક જીવ એવા હોય છે કે તેને ભગવાન મળે, છતાં તેનું સુખ માણી શકતા નથી.

— કોઈ સત્પુરુષની કૃપા થઈ હોય તો અંતકાળે ભગવાન યાદ આવે છે.

— જગતના પદાર્થો દુઃખરૂપ છે. ભગવાન જ માત્ર સુખરૂપ છે. પરંતુ આપણને અવળું સમજાય છે. પરમાત્માનો જીવ સાથે નિઃસ્વાર્થ સંબંધ છે. સંસારને સ્વાર્થનો સંબંધ છે. જીવ પરમાત્માનો દાસ થવાને બદલે સંસારનો દાસ થઈ જાય છે.

— જગતના પદાર્થમાં જેટલી આસક્તિ છે, તેટલી ભગવાનમાં આસક્તિ થઈ જાય તો જન્મ મરણ ચાલ્યું જાય છે.

— હનુમાનજીના જેવી દાસત્વ ભક્તિ ઉપર સ્વામિનારાયણ ભગવાન ખૂબ રાજી થાય છે. સ્વામિનારાયણ ભગવાનની કૃપા દ્રષ્ટિ પડે એટલે જીવને ભગવાનના સ્વરૂપની ઓળખાણ થાય છે.

— જેને ભગવાન રાજી કરતા આવડે તેના ઉપર દુનિયા આખી રાજી થાય છે. જેમણે ભગવાનના ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કરી દીધું હોય તેના ઉપર ભગવાનની અપાર કૃપા થાય છે.

દ્રોહ

- સાધુ પ્રેમપ્રકાશદાસ ગુરુ હરિપ્રસાદદાસ (શ્રી સ્વા. સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુર)

આ જગતમાં ઘણાં પ્રકારનાં પાપ છે. અને તેનું પ્રાયશ્ચિત પણ શાસ્ત્રમાં કહેલું છે. પરંતુ સાધુપુરુષોનો દ્રોહ કરવો તેમનું અપમાન કરવું તેનું પ્રાયશ્ચિત ક્યાંય વર્ણવેલ નથી. શ્રીમદ્ ભાગવતનાં દશમસ્કન્ધમાં શુકદેવજી કહે છે કે,

આયુઃ શ્રિયં યશો ધર્મં
લોકાનાશિષ એવ ચ ।
હન્તિ શ્રેયાંસિ સર્વાણિ
પુંસો મહદતિક્રમઃ ॥

અર્થાત્ હે રાજન્ !

જે પુરુષ સાધુ મહાત્માઓનો દ્રોહ કરે છે તેની લક્ષ્મી કીર્તિ, ધર્મ, લોક, પરલોક વિષભોગ આ બધીજ વસ્તુઓનો નાશ થાય છે. જય અને વિજય જ ભગવાનનાં પાર્ષદ હતા પરંતુ સનકાદિક ઋષિઓનો તિરસ્કાર કર્યો તેથી તેમને ત્રણ-ત્રણ જન્મ લેવા પડ્યા અને અસુર બનવું પડ્યું.

રાજા અંબરીષ ભગવાનની સેવા પૂજામાં ખૂબ મગ્ન રહેતા. એક દિવસ અંબરીષ રાજા વિચાર કરે છે કે હું સાત પ્રહર ભગવાનની પૂજા કરું છું અને એક પ્રહર નિંદ્રા કરુ છું. પરંતુ યોગી અને ઉદ્યોગી ને નિંદ્રા એ પરમશત્રુ છે. તે એક પ્રહર માટે વેડફવો જોઈએ નહિ. આપણી આચાર સંહિતામાં મહારાજે આપણને આજ્ઞા કરી છે કે

'વ્યર્થકાલો ન નેતવ્યો ભક્તિં
ભગવતો વિના ।'

મનુષ્યે પોતાનો વ્યર્થકાળ નિર્ગમન ન કરવો જોઈએ. કેવળ ભગવાનની ભક્તિ કરવી જોઈએ. તે જ રીતે રાજા અંબરીષ એક વખત બારસનાં પારણા કરવા માટે દુર્વાસા મુનિને નિમંત્રણ આપે છે. દુર્વાસા આવીને ગંગાસ્નાન માટે પોતાનાં શિષ્યો સાથે લઈને જાય છે. ત્યાં સંધ્યા વંદનાદિક કરે છે. શિષ્યો જળક્રિડામાં મગ્ન બની જાય છે. આ બાજુ બારસને પૂર્ણ થવાનો સમય આવે છે. રાજા ચિંતિત થાય છે. ત્યારે રાજપુરોહિતના કહેવાથી ભગવત્યરણામૃતના અને તુલસીપત્ર વડે પારણા કરે છે. આ બાજુ દુર્વાસા મુનિને જાણ થતા પોતાની જટા માંથી કૃત્યાને ઉત્પન્ન કરે છે. એ કૃત્યા અંબરીષને મારવા માટે આવે છે. પણ અંબરીષને એ કૃત્યા મારવા આવે એ પહેલાં જ ભગવાન પોતાના હસ્તકમલમાંથી

'ત્રયાણાં રક્ષાયૈઃ ત્રિપુરહર જાગર્તિ
જગતામ્ ।'

ત્રણેય લોકની રક્ષણ કરવાવાળું એ ચક્ર કૃત્યાને મારી દુર્વાસાને મારવા માટે દોડે છે. દુર્વાસા ત્રણેય લોકમાં ભટકે છે. અને અંતે અંબરીષના ચરણમાં આવીને પડે છે. ત્યારે એ ચક્ર પુનઃ વિષ્ણુલોકમાં જતું રહે છે. જોયુ ! વ્હાલા ભક્તો સંત પુરુષ જેવા અંબરીષ રાજાનો દ્રોહ કરવાથી દુર્વાસા મુનિને ત્રણેય લોકમાં ભટકવું પડ્યું. માટે હે વ્હાલા ભક્તો સર્વોપરિશ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરીએ કે અમારાથી પણ ધર્મકુળ દીક્ષીત ભગવાનના સાધુ પુરુષોનો કોઈ રીતે ક્યારેય પણ દ્રોહ ન થાય તેવી કૃપા-બળ અમને આપજો.

આત્મ સ્વરૂપ આચાર્યશ્રી



"અંતર-તિમિર નાશ કરી,
આપે દિવ્ય પ્રકાશ;
આચાર્યશ્રીની કૃપા-દૃષ્ટિથી,
કપાઈ જાય ભવ-પાશ.
આચાર્યશ્રી નથી દેહરૂપ,
છે સ્વયં આત્મસ્વરૂપ;
શિષ્યોનું એ સૌભાગ્ય,
પાવન પરમ અનૂપ.
લોહ-સદૃશ અમ જીવો,
આચાર્યશ્રી પારસ,-સંકલ્પ;
સદુપદેશ-સંસ્પર્શથી,
કરે અમ કાયા-કલ્પ.
જીવનનું જે સત્ય છે,
એનું કરી સંધાન;
જડતા-વેરભાવ વિનાશે,
હરી લેતાઅજ્ઞાન.
સંસારમાં સરસા રહે,
રહેતાં સદા નિર્લેપ;
જેમ જળમાં કમળ રહે,
તેમ એકદમ અલેપ.
પૂર્ણકામ નિષ્કામ તેઓ,
કરુણાના આગાર;
એમની વાણીમાં નિહિત,
ધર્મ-કર્મનો સાર."

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

ભાગવત કથાનો મહિમા

- સાધુ ગોપાલચરણદાસ (શ્રી સ્વા. સંસ્કૃત મહાવિદ્યાલય, જેતલપુર)

આ જગતનો જીવાત્મા અનેક માનસિક અને શારીરિક દુઃખોથી ઘેરાયેલો હોય છે. આખો દિવસ તે દુઃખોથી પીડાતો જ હોય છે. તે પોતાનું શારીરિક દુઃખ તો દવાથી મટાડી શકે છે. પરંતુ માનસિક દુઃખ મટાડવું હોય તો શું કરવું ? જો માનસિક દુઃખ મટાડવું હોય તો શ્રી મદ્‌ભાગવતનું રસપાન કરવું પડે તેનું શ્રવણ કરવું પડે. માણસે ગમે તેટલા પાપ કર્યા હોય છતાં પણ જો તે શ્રીમદ્ ભાગવતનું રસપાન કરે તો તેના બધા જ પાપો ધોવાય જાય છે. તેનું ઉદાહરણ રાજા પરિક્ષિત છે. તેણે સાત જ દિવસમાં મોક્ષ પ્રાપ્ત કરી લીધો હતો.

જ્યારે શુકદેવજી મહારાજે કથાનો પ્રારંભ કર્યો ત્યારે સ્વર્ગના દેવતાઓ અમૃતનો કુંભ લઈને શુકદેવજી મહારાજ પાસે આવ્યા અને કહ્યું કે હે શુકદેવજી આ અમૃતનો કુંભ તમે રાજા પરિક્ષિતજી ને આપો અને કથારૂપી અમૃત અમને આપો. ત્યારે શુકદેવજી મહારાજે દેવતાઓની હાંસી ઉડાડતા કહ્યું કે,

क्व सुधा क्व कथा लोके क्व
काचः क्व मणिर्महान ।
ब्रह्मरात्रो विचार्यैव तदा
देवाञ्जहास हः ॥

આ સંસારમાં ક્યાં કાચ અને ક્યાં મહામૂલ્ય મણિ ? ક્યાં અમૃત અને ક્યાં કથા ? શુકદેવજીએ તે સમયે દેવતાઓનો ઉપસંહાર કર્યો આથી કથાના અનધિકારી જાણીને કથામૃત આપ્યું નહિ. આ રીતે શ્રીમદ્‌ભાગવત કથા દેવતાઓને પણ દુર્લભ છે.

આવી શ્રીમદ્‌ભાગવતની કથા જે દેવતાઓને પણ દુર્લભ છે. તે જો આપણને મળે તો આપણા મોટા ભાગ્ય માનવા.

સનકાદિકો આ ભાગવત્ શાસ્ત્રનો મહિમા બતાવતા કહે છે કે શ્રીમદ્ ભાગતની કથાનું સેવન અસ્વાદન કરવું જોઈએ. આના શ્રવણ માત્ર થી જ શ્રીહરિ આવીને આપણા હૃદયમાં વિરાજમાન થાય છે. મુક્તિ માટે શ્રીમદ્ ભાગવત જ શ્રેષ્ઠ છે.

હે ભક્તજનો જ્યાં સુધી લોકો સારી રીતે શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરતાં નથી ત્યાં સુધી તેનામાં પાપ રહે છે. જે ઘરમાં રોજ શ્રીમદ્ ભાગવતની કથા થતી હોય તે ઘર એ ઘર નહીં પરંતુ મંદિર, તીર્થ બની જાય છે. તે ઘરમાં રહેતા બધાજ લોકોના પાપ ધોવાય જાય છે. જેમ આપણે પાપ ધોવા માટે સેંકડો માઈલ દૂર આવેલી ગંગા નદીમાં સ્નાન કરવા જઈએ છીએ. તો પણ આપણા પાપ ધોવાતા નથી. પણ જો આપણે ક્યાંય પણ ગયા વગર આપણા ઘરે જ શ્રીમદ્ ભાગવત કથા કરાવીએ તો આપણા પાપ ચોક્કસ ધોવાય જાય છે. આ શ્રીમદ્ ભાગવતનો મહિમા છે.

ભાગવતનો મહિમા બતાવતા સનકાદિકો કહે છે કે જે મનુષ્ય અહર્નિશ ભાગવતનો અર્થ સહિત પાઠ કરે છે તેના કરોડો જન્મોના પાપ નાશ પામે છે. આમાં લેશ માત્ર પણ સંદેહ નથી. જે મનુષ્ય દરરોજ ભાગવતનો અડધો અથવા ચતુર્થાંશ શ્લોક પણ બોલે છે તેને રાજસૂય અને અશ્વમેધ યજ્ઞો કર્યાનું ફળ મળે છે. માટે નિત્ય ભાગવતનો પાઠ કરવો, તુલસીનું સિંચન કરવું, ગાયની સેવા કરવી. સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ચિંતન કરવું. આ ચારેય સમાન છે. જે મનુષ્ય અંતકાળે શ્રીમદ્ ભાગવતનું વાક્ય સાંભળે છે તેના ઉપર પ્રસન્ન થઈ સ્વયં ભગવાન તેને વૈકુંઠધામ, અક્ષરધામ આપે છે.

જેણે પોતાના આખા જીવનમાં ચિત્ત દઈને શ્રીમદ્ ભાગવતનો થોડો સરખો પણ રસાસ્વાદ કર્યો નથી તેણે પોતાનો આખો જન્મારો ચાંડાલ અને ગધેડાની જેમ વ્યર્થ ગુમાવ્યો છે. તે પોતાની માતાને પણ પ્રસવ-પીડા આપવા જ પેદા થયો છે. આવું સ્વર્ગના દેવો (ઈન્દ્ર વગેરે) કહે છે.

આવી શ્રીમદ્ ભાગવતની પ્રાપ્તિતો આપણને અનેક જન્મોના પુણ્યનો ઉદય થાય ત્યારે જ મળે છે. જે ફળ આપણને યોગ સમાધિથી નથી મળતું, જે ફળ તપથી નથી મળતું તે ફળ આપણને કળિયુગમાં કથાનું રસપાન કરવાથી મળે છે.

यत्फलं नास्ति तपसा न योगेन समाधिना ।
अनयासेन तत्सर्वं सप्ताह श्रवणं लभेत् ॥


ધુંધુકારીએ કેટલા બધા પાપ કર્યા હતા. કહેવાય છે કે તેણે પોતાના જીવનમાં કદી પણ પુણ્ય જેવું કાર્ય કર્યું જ નહોતું. આવો મહાપાપી ધુંધુકારી મરી ગયા પછી તેના ભાઈએ ગયાજીમાં વિધિપૂર્વક પિંડદાન કર્યું છતાં પણ તેનો મોક્ષ ન થયો. આવા મહાપાપી ધુંધુકારીનો મોક્ષ શ્રીમદ્ ભાગવતની કથાના રસપાનથી થયો અને તેને સ્વયં ભગવાનનું વિમાન લેવા આવ્યું. આટલો બધો ભાગવતનો મહિમા છે.

તો અંતમાં સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરીએ કે હે પ્રભુ, હે સર્વોપરિ નરનારાયણદેવ અમને કથા કરવાનું બળ આપો. જેથી કરીને અમે આ જગતના અનેક મનુષ્યોના કલ્યાણ માટે કથાનો સરળ માર્ગ બતાવીએ અને સૌનું મંગળ કરીએ.

અવતારના અવતારીની ઐશ્વર્ય લીલા

- પ્રો. મહાદેવ ધોરીયાણી (રાજકોટ)

"જન્મની સાથે મળેલી લાગણીની વિશુદ્ધતા સ્વાર્થ સાથે ભળેલી એ તો કદાપિ હોય ના. લાગણીનું વિસ્મરણ થાતું કદી ના પાલવે, હોય જીવન પ્રેમસભર ને શ્રીહરિ સ્મરણ રહે. મુક્તિ-માર્ગી સાધનામાં શ્રીહરિ ઈચ્છા ભળે, મહિમા મહારાજનો નિષ્ફળ બને એવું કદાપિ હોય ના."



પાંચાળ પ્રદેશના 'વાંકિયા' ગામના ચૌરે ચારેક ઘોડે સવારોએ પ્રવેશ કર્યો ત્યારે વહેલી સવારે રોજની જેમ દરબારોનો ડાયરો બેઠો હતો. આ ચારેય ઘોડે સવારોમાં માણકી પર સવાર થયેલા શ્રીસહજાનંદ સ્વામીને જોતાં જ વાંકિયાના દરબાર 'મોકા ખાચર' એકદમ ઉભા થઈ મહારાજને દંડવત્ કરવા લાગ્યા. શ્રીજી મહારાજે માણકી પરથી ઉતરી બંને ખભેથી મોકા ખાચરને પ્રેમપૂર્વક પકડી, રાખો ..... રાખો. ..... એમ કહી ઉભા કર્યા. ધીમે ધીમે આખોય ડાયરો મોકા ખાચરને અનુસર્યો. 'જય સ્વામિનારાયણ ..... જય સ્વામિનારાયણ' એમ કહી મંગલ ધ્વનિ દ્વારા ચોરાના ચારેય ખૂણા ગજવી મૂક્યા.

મોકા ખાચરની વાંકિયાના પાદરમાં જ ઉતાવળી નદીને કિનારે નયનરમ્ય વાડી હતી. અહીં એક બેઠા ઘાટના મકાનમાં ઉતારો રાખ્યો. શ્રીજી મહારાજ વાડીએ પધાર્યા છે એવી જાણ થતાં આસપાસનાં ગામમાંથી પણ ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટ્યા. ગામના ગોર મહારાજને બોલાવી રસોઈ તૈયાર કરાવી અને મોકાખાચરે મહારાજ તથા સંત-હરિભક્તોને પ્રેમથી જમાડ્યા.

રોજ સવાર-સાંજ ઉતારા પર સભા ભરાતી. એક વખત સત્સંગ ચાલતો હતો. પ્રશ્નો પૂછી આગંતુકો શંકાનું સમાધાન કરતા હતા. પરંતુ આજે મોકા ખાચર કંઈક ઉદાસ હતા. શ્રીજી મહારાજે દિવ્ય દૃષ્ટિ દ્વારા તેમના ઘાટ સંકલ્પો જાણી લીધા. પછી મહારાજે મોકો જોઈ મોકા ખાચરને પૂછ્યું : "દરબાર ! તમે કંઈક મૂંઝવણમાં મુકાઈ ગયા હો તેમ લાગે છે."

"ના મહારાજ ! એવું કંઈ નથી... પણ ગામ ગરાસના જે ભાગ પડ્યા તેમાં મારા ભાગમા સુખપર અને વાંકિયા આવ્યા છે. વિચાર કરું છું કે વાંકિયામાં જ મકાન બનાવી સ્થિર થવું."

મહારાજે મરક મરક હસતાં કહ્યું : "અરે ! મોકા ખાચર ગામધણીને મકાન તૈયાર કરવું એ તો રમત વાત કહેવાય. તમે ધારો તો દરબારગઢ પણ તૈયાર કરી શકો."

"મહારાજ ! મેં તો મનોમન એવો સંકલ્પ કરી રાખ્યો છે કે, સહજાનંદ સ્વામી વાંકિયા પધારે ત્યારે જ તેમના શુભ હસ્તે મકાન માટેનો નકશો તૈયાર કરાવવો અને સ્થાન પણ નક્કી કરાવવું."

મહારાજે રાજી થઈ કહ્યું : "ચાલો એમાં શું ? સ્થાન અમે નક્કી કરી આપીએ." એમ કહી સૌ ઉભા થયા.

મહારાજ વાંકિયા ગામની પૂર્વ દિશા તરફ ટેકરી તરફ ચાલ્યા. અહીં આવીને કહ્યું : "મોકા ખાચર, રહેવા માટે આ જગ્યા જ મોકાની છે !"

"મોકા" શબ્દ પરના શ્લેષ અલંકારથી ઉપસ્થિત દરબારોમાં હાસ્યનું મોજું ફરી વળ્યું.

"જેવી મહારાજની મરજી." મોકા ખાચરે કહ્યું, મહારાજે એક સોટી લઈ કહ્યું : "જુઓ ખાચર ! હું સોટી વડે લીટી દોરતો જાઉં છું. તમે મારી પાછળ નિશાની તરીકે પથ્થર મુકાવવા પ્રબંધ કરજો."

આ અવતારના અવતારીએ તો નકશો દોરતાં દોરતાં બે વીઘા જમીન આંતરી લીધી ! મોકા ખાચરે કહ્યું : "મહારાજ ! આ તો આપે મોટા દરબારગઢનો નકશો દોર્યો !"

"દરબાર ! મેં તો ભવિષ્યનો વિચાર કરી દરબારગઢનો નકશો અનેકવિધ ઓરડાઓ સહિત તૈયાર કર્યો છે. માટે તમે આલીશાન દબદબાયુક્ત દરબારગઢ જ તૈયાર કરજો."

"પણ .... મહારાજ ! હું તો બે નાનકડા ગામનો નાનકડો ગરાસદાર કહેવાઉં, અને મારો કુંવર 'ગેલો ખાચર' એક જ વારસદાર તરીકે છે."

"દરબાર ! મેં જે રીતે નકશો તૈયાર કર્યો એ પ્રમાણે જ દરબારગઢ તૈયાર કરાવજો. તમારા પાટવી કુંવર ગેલા ખાચરનો વંશવેલો આ દરબારગઢમાં સમાય નહિ એટલો મોટો હશે. ભવિષ્યમાં ગેલા ખાચરને આ દરબારગઢ પણ સાંકડો લાગશે." શ્રીજી મહારાજે પોતાની દિવ્ય વાણીના ભવ્ય રણકાર સાથે દઢપણે ભવિષ્યવાણી ઉચ્ચારી અને મોકા ખાચરની મહેમાનગતિ માણી માણકી પર સવાર થઈ અન્ય ઘોડેસવારો સાથે ગરવા ગિરનારની યાત્રાએ ચાલી નીકળ્યા.

મોકાખાચરે સત્વરે વચન માગી લીધું કે, "મહારાજ ! જુનાગઢની જાત્રા કરી ગઢડા જતી વખતે જરૂર વાંકિયા પધારી દર્શનનો લાભ આપી પછી જ જવું."

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી
૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી
તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
૩૫ મા પ્રાકટ્યોત્સવ પ્રસંગે
મંગલ કામના

શ્રી કોશલેન્દ્રં મુદાચાર્યવર્યમ્
ગુરુંસ્તથા પિતરં તન્નમન્તમ્ ।
સર્વાધિકં જ્ઞાનિનાં માનદક્ષમ્
દીર્ઘાયુષં પ્રાર્થયામ: પ્રણામમ્ ॥

સ્વામિનારાયણં દેવમ્
નૌમિ સદ્ગુણકામ્યયા ।
કૃપયા દેવદેવસ્ય
સર્વ શ્રેયસ્કરં ભવેત્ ॥

(ડૉ. વાસુદેવ વિ. પાઠક વાગર્થ)
(૨, ઓક્ટોબર,૦૬ વિજયા દશમી)

ભગવાન તો ભક્તને આધીન હોય છે, પછી ના કેમ પડાય ?

મહારાજે ચાર કોઠા તૈયાર કરવા કલાત્મક નકશો દોર્યો હતો તેમાંનો એક મોટો ઓરડો તાબડતોબ તૈયાર કરાવ્યો. આ ભવ્ય ઓરડાની અંદર કલાપ્રેમી મોકા ખાચરે શ્રીજી મહારાજની મનોરમ્ય મૂર્તિ પધરાવી. દીવાલો પર રામાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી વગેરે પરમહંસોની છબીઓ પધરાવી. મહારાજના પ્રસંગોચિત ચિત્રો દોરાવ્યાં. ઠેર ઠેર શિક્ષાપત્રી અને વચનામૃતનાં સૂત્રો લખાવ્યાં. આ રીતે શ્રી સહજાનંદ સ્વામીના સુસ્વાગત માટે ઓરડો તૈયાર કરી રાખ્યો.

વચન અનુસાર સૌરાષ્ટ્રની તીર્થયાત્રા પરિપૂર્ણ કરી વળતી વખતે મહારાજ જ્યારે વાંકિયા પધાર્યા ત્યારે મોકા ખાચરે વાજતે ગાજતે સહજ-આનંદના સંદેશકનું સામૈયું કરી આ ભવ્ય ઓરડામાં જ ઉતારો આપ્યો. ઓરડામાં પ્રવેશ કરતાં જ મહારાજના મુખમાંથી શબ્દો સરી પડ્યાં : "અરે દરબાર ! તમે તો આ એક ઓરડામાં જ અક્ષરધામ ખડું કરી દીધું !"

"મહારાજ ! દરબારગઢનું વાસ્તુ પણ આપના વરદ્ હસ્તે જ કરાવવું છે, તેથી થોડી ઉતાવળ કરી એક ઓરડો તૈયાર કરાવી લીધો."

મહારાજ મોકા ખાચરના મર્મને પામી ગયા. મોકા ખાચરની બુદ્ધિમતા શ્રીરામ પાસેથી ઉતરાઈ ન લેવાનું કહેનાર કેવટ જેવી લાગી. મહારાજે મનમાં વિચાર્યું કે પેલા અંધ વણિકે થોડામાં ઘણું બધું માગી લીધું હતું. "હું મારા વચેટ છોકરાની વહુને ત્રીજે માળે સોનાની ગોળી એ છાશ કરતાં જોઉં !" મોકા ખાચરે મોકો જોઈ મારી પાસે મકાનનો નકશો તો બનાવરાવી લીધો પણ સાથો સાથ વાસ્તુ પણ લેવરાવી લીધું !"

જે કોઠામાં (ઓરડામાં) મહારાજે ભોજન લીધું હતું તે કોઠો આજે પણ "પ્રસાદીનો કોઠો" એ નામથી પ્રસિદ્ધ છે. મહારાજે, પ્રેમના પ્રતીકરૂપે ગેલા ખાચરને એક તલવાર ભેટ આપી હતી. આ પ્રસાદીની તલવારના દર્શન માટે તેમજ કોઠો નિહાળવા સત્સંગીઓ આજે પણ આ વાંકિયા ગામે આવે છે. આથી વાંકિયા ગામ સંપ્રદાયનું તીર્થધામ બની ગયું છે.

પૂજ્ય મોટા મહારાજશ્રીની મહેનતને સાર્થક કરીએ

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

સત્સંગમાં જન્મ અતિ ભાગ્યશાળી જીવાત્માઓને જ પ્રાપ્ત થાય છે. કારણ કે આવા જીવાત્માઓને ભગવાનની મહામૂલી મનોહર મૂર્તિઓ, મંદિરો, દેવો, આચાર્યો અને સંતોનો સમાગમ પ્રાપ્ત થતો રહે છે. અસંખ્યાત જીવોના આત્યંતિક કલ્યાણરાર્થે પાંચ નંદ સંતોએ સર્વાવતારી શ્રી સહજાનંદ સ્વામીના શબ્દ દેહને 'વચનામૃત'માં અતિ આદરપૂર્વક સ્થાન આપ્યું છે. આવા આધ્યાત્મિક મહામૂલા ગ્રંથની ક્યાંય કોઈ તુલના થઈ શકેજ નહિ. એ તો સ્વયં ભગવાનની વાણી છે.

શ્રીનરનારાયણદેવ ગાદી અમદાવાદ ના પૂજ્ય મોટા મહારાજશ્રી શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ષષ્ટિ પૂર્તિ મહોત્સવ અતિશય ધામધુમથી ઉજવવામાં આવી. એ સમયે બહુજન હિતાય પૂજ્ય મોટા મહારાજશ્રીએ તા. ૮, એપ્રિલ, ૨૦૦૪ ના રોજ "વચનામૃતમા શ્રી નરનારાયણદેવ' એ એક અંજનશલાકારૂપ દિવ્ય પુસ્તિકા સ્વહસ્તે લખીને પ્રગટ કરી. "અમારા બે શબ્દ" માં તેઓશ્રી ઉદ્‌બોધે છે કે, "આ કલ્પવૃક્ષરૂપ સત્સંગમાં આપણ સૌને ચિંતામણી તુલ્ય અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ સર્વોપરિ, સર્વાવતારી શ્રીહરિની પ્રાપ્તિ થઈ છે. પણ જો આ વાત ન સમજાય કે શ્રીહરિએ સર્વ પ્રથમ સ્વહસ્તે પધરાવેલ શ્રી નરનારાયણદેવ એ સ્વયં શ્રીહરિ પોતે જ છે અને બન્નેમાં લેશમાત્ર પણ ભેદ નથી તો આપણા કલ્યાણમાં કેટલી કાચપ રહે. તે શ્રીહરિના સ્વમુખે બોલાયેલ અને પાંચ નંદ સંતો દ્વારા સંપાદન કરાયેલા ૨૭૩ વચનામૃતો પૈકી જુદા તારવેલ આ વચનામૃતોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરવાથી પ્રતીતિ થશે."

અમે આ વચનામૃતોના અમુક અંશોજ લખ્યા છે. પણ મુમુક્ષુ ભક્તોએ આ વચનામૃતોના અક્ષરે અક્ષર વાંચી અંતરમાં કંડારવા જેથી પરમકૃપાળુશ્રી નરનારાયણદેવના યથાર્થ મહિમા સમજાશે અને સત્સંગમાં ધ્યાન ભજનનું વિશેષ સુખ પ્રાપ્ત થશે."

આ દિવ્ય પુસ્તિકાના મુખપૃષ્ઠ પર શ્રીજી મહારાજની પરંપરાની પ્રસાદીની શ્રી નરનારાયણદેવની મૂર્તિ જે હાલ પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રાતઃ પૂજામાં છે તે પ્રગટ કરવામાં આવી છે. તો છેલ્લે પ્રસાદીના ચરણાર્વિંદની છાપ છે. પૂ. મહારાજશ્રી તો શ્રીહરિના અપર સ્વરૂપ છે. તેઓશ્રીને શ્રી નરનારાયણદેવ પ્રત્યક્ષ છે. આપણા સૌના મોક્ષ માટે તેઓશ્રીએ આટલો મોટો દાખડો કર્યો છે.

પૂજ્ય મોટા મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવ વિષે નિર્દેશેલા વચનામૃતોના કેટલાક અંશો અત્રે રજુ કરી રહ્યો છું. ગઢડા પ્રથમના-૮માં વચનામૃતમાં શ્રીહરિએ જે ઉદ્‌બોધ્યું તે વિષે નંદ સંતોએ લખ્યું. ..... પછી શ્રીજી મહારાજ એમ બોલ્યા જે શ્રી નરનારાયણના પ્રતાપ થકી અમને એવું વર્તે છે જે હું આત્મા છું, અછેદ્ય છું, અભેદ્ય છું, સચ્ચિદાનંદ છું અને અમારી જે મોટપ છે તે તો સ્વસ્વરૂપનો પ્રકાશ તથા શ્રી નરનારાયણદેવની ઉપાસના તે વડે છે ..... અને તે શ્રી નરનારાયણની ઉપાસનાનેપ્રતાપે કરીને આ બ્રહ્માંડમાં જેટલી દેવાંગના આદિ સ્ત્રીયો છે તે સર્વે આવીને સેવામાં ઉભી રહે અને જેટલા બ્રહ્માંડમાં સારા પદાર્થ છે તે સર્વે લાવીને હાજર કરે તોય પણ એ સર્વે મળીને અમને મોહ પમાડવા સમર્થ નથી.

ગઢડા પ્રથમના ૪૮ માં પ્રકરણમાં ..... એ અમારી આજ્ઞા છે જે, હરિભક્ત માત્રને શ્રી નરનારાયણની મૂર્તિ કાગળમાં લખાવી દઈશું, તે પૂજજ્યો અને એ પૂજા સર્વે શાસ્ત્રે કરીને પ્રમાણ છે ..... તે અમારી આજ્ઞાએ કરીને તમે સર્વે નરનારાયણની પૂજા રાખશો તો, અમારે અને નરનારાયણને તો સુધો મન મેળાપ છે. તે અમે નરનારાયણને કહીશું, જે હે મહારાજ, જે પંચવર્તમાનમાં રહીને અમારી આપેલ જે તમારી મૂર્તિ તેને પૂજે, તેમાં તમે અખંડ વાસ કરીને રહેજો ..... તમે સર્વે એમ નિશ્ચે જાણજો જે, એ મૂર્તિ તે શ્રી નરનારાયણદેવ પંડેજ છે, એવું જાણીને કોઈ દહાડો મૂર્તિ અપૂજ રહેવા દેશોમાં .....

માટે આ સંસારમાં દૃઢ બ્રહ્મચર્યવાળા તો એક નરનારાયણ રૂષિ છે. અને તે નરનારાયણનો આપણે આશ્રય છે, તેના પ્રતાપ થકી ધીરે ધીરે તે નરનારાયણનું ભજન કરીને આપણે પણ એ સરખાજ નિષ્કામી થઈશું....

ગઢડા પ્રથમના ૭૪ માં શ્રીજી મહારાજે કહ્યું ..... જે આપણે તો શ્રી નરનારાયણના દાસ છીએ. તે શ્રી નરનારાયણને જેમ ગમે તેમ રાજી

રહેવું.... અને તે શ્રી નરનારાયણના ચરણારવિંદ વિના બીજે ક્યાંય પ્રીતિ. રાખવી જ નહિ. ..... તપસ્વીના જેવો છે વિષે જેનો એવા જે શ્રી નરનારાયણ ભગવાન તે જે તે કૃપાએ કરીને મોટું તપ કરે છે. તે ભગવાનના તપે કરીને નિર્વિઘ્ને કલ્યાણ થાય છે પણ જે ભગવાનના ભક્ત નથી તેમનું કલ્યાણ થતું નથી એમ સાળંગપુરના ૧૬માં વચનામૃતમાં પ્રતિપાદીત થયું છે. ગઢડા મધ્યના-૨૧માં વચનામૃતમાં શ્રીહરિએ જણાવ્યું કે ..... આપણે પણ શ્રી નરનારાયણનું મંદિર શ્રી અમદાવાદ નગર મધ્યે કરાવ્યું છે... એ નરનારાયણ દેવને પોતાની શ્રદ્ધાએ કરીને ધરતી, વાડી, ગામ, ગરાસ આપે તે સુખે આપે, પણ આપણે કોઈને બળાત્કારે પ્રેરવું નહિ.

ગઢડા મધ્યના ૨૨માં પ્રકરણમાં શ્રીહરિ કહે છે .... .અમે અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવા ગયા હતા ત્યારે હજારો માણસોનો મેળો ભરાયો હતો ..... અમારા અંતરમાં તો એક નરનારાયણ વિના બીજું કાંઈજ ગમ્યું નહિ. અમદાવાદના ચોથા વચનામૃતમાં શ્રીજી મહારાજ ઉપબોધે છે કે ..... પુરુષોત્તમ એવા શ્રી નરનારાયણ સર્વે અવતારના કારણ છે તે શ્રી નરનારાયણને વિષે જે મરણભાવ કલ્પે છે તેને અનેક દેહ ધરવા પડે છે. .... ભગવાનની મૂર્તિયું જે થઈ ગયું ને હમણા છે ને આગળ થશે તેને વિષે મરણભાવ કોઈ કલ્પશોમાં ..... અમદાવાદના છઠ્ઠા વચનામૃતમાં શ્રીહરિ કહે છે ..... આ શ્રી નરનારાયણને અમે અમારૂં રૂપ જાણી અતિ આગ્રહ કરીને સર્વેથી પ્રથમ આ શ્રીગરને વિષે પધરાવ્યા છે. માટે આ શ્રી નરનારાયણને વિષે ને અમારે વિષે લગારે પણ ભેદ સમજવો નહિં. ને બ્રહ્મધામના નિવાસી પણ એજ છે. અને જેની ઉપર ક્રોધ ઉપજે તેને આપણા સ્વામી જે શ્રી નરનારાયણ તેનો ભક્ત જાણીને તત્કાળ માન મૂકીને નમસ્કાર કરવો ને પ્રાર્થના કરવી પણ દેહ દૃષ્ટિ ન રાખવી જે હું મોટો છું ને ઉત્તમ છું .... આપણા ઈષ્ટદેવ જે શ્રી નરનારાયણ તે પણ ક્રોધ તથા માન નથી રાખતા માટે તે શ્રી નરનારાયણના આશ્રિત એવા જે ઉદ્ધવ સંપ્રદાયના આપણ સર્વે તેમણે ક્રોધ તથા માન તેનો સર્વે પ્રકારે ત્યાગ કરવો - વળી જેતલપુરના ત્રીજા વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું ..... કોઈ હરિજનના તથા સંતના અભાવનો સંકલ્પ થાય ત્યારે નરનારાયણ, સ્વામિનારાયણ એમ વારંવાર ઉચ્ચ સ્વરે કરીને નામ ઉચ્ચારણ કરવું. વળી જેતલપુરના ચોથા પ્રકરણમાં કહ્યું છે કે .... શ્રી પુરૂષોત્તમ તે જે તે આજ તમને સર્વને શ્રી નરનારાયણ રૂષિરૂપ થઈને પ્રગટ મળ્યા છે માટે નિઃસંશય થઈને આનંદમાં ભજન કરજો.

અંતે જેતલપુરના પાંચમા વચનામૃતમાં શ્રીજી મહારાજે અતિશય સ્નેહે કરીને ઉપદેશ આપ્યો કે ..... સર્વે સાંભળો આજ તો અમારે જેમ છે તેમ વાત કરવી છે જે ભગવાનને ભજવા એથી બીજી વાત મોટી નથી, કાં જે ભગવાનનું કહ્યું સર્વે થાય છે અને આ સમે તો આ સભાનું કર્યું પણ થાય છે .... જેને ભગવાન ભજ્યામાં જેટલી કસર તેટલે તેને સર્વ ક્રિયાને વિષે બરકત થતી નથી ..... હું તો ભૂત, ભવિષ્યને વર્તમાન એ ત્રણ કાળને વિષે સર્વ ક્રિયાને જાણું છું અને અહિં બેઠા સતા પણ સર્વને જાણીએ છીએ અને માતાના ઉદરને વિષે હતા તે દિવસે પણ જાણતા હતા, અને ઉદરને વિષે નહોતા આવ્યા તે દિવસે પણ જાણતા હતા. કેમ જે અમે તો ભગવાન જે શ્રી નરનારાયણ ઋષિ તે છીએ ..... અમે વારે વારે શ્રી નરનારાયણદેવનું મુખ્યપણું લાવીએ છીએ તેનું તો એજ હારદ છે. શ્રી પુરુષોત્તમ અક્ષરધામના ધામી જે શ્રી નરનારાયણ તેજ આ સભામાં નિત્ય વિરાજે છે.....

અને તે સારું અમે અમારૂં રૂપ જાણીને લાખો રૂપિયાનું ખરચ કરીને શિખરબધ્ધ મંદિર શ્રી અમદાવાદમાં કરાવીને શ્રીનરનારાયણની મૂર્તિયું પ્રથમ પધરાવી છે.... અને વળી અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો તો તમને મહાકષ્ટ કોઈ આવી પડશે તેથી અથવા સાત દકાળી જેવું પડશે તે થકી રક્ષા કરશું અને કોઈ ઉગર્યાનો આરો નહિ હોય એવું કષ્ટ આવી પડશે તોય પણ રક્ષા કરશું, જો અમારા સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો તો, ને સત્સંગ રાખશો તો, અને નહીં રાખો તો મહાદુઃખ પામશો તેમાં અમારે લેણદેણ નથી, ને અમે તો આ સમે કોઈ વાતનું કાચું રાખ્યું નથી.....

આમ પૂજ્ય મોટા મહારાજશ્રીએ આપણા સર્વના આત્યંતિક કલ્યાણ અર્થે, આપણી મોક્ષપદની પ્રાપ્તિ અર્થે અવિરત પ્રયત્નો આદરી આ દિવ્ય પુસ્તિકા પ્રગટ કરી છે. તેઓશ્રીની મહેનત ને આપણે સાર્થક કરી ત્યારે જ ગણાય કે પ્રતિદિન આ શ્રીહરિની દિવ્ય અમૃતવાણીનો પાઠ કરી આપણા જીવનમાં શ્રીહરિના શબ્દોને વણી લઈએ. આપણે સૌ પૂજ્ય મોટા મહારાજશ્રીના ઋણી છીએ.

સત્સંગ સૂરભિ :

સૌનું કલ્યાણ કરવું છે

– અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (કેનેડા)

સાંજનો પહોર હતો. પશ્ચિમ દિશામાં સૂરજ-રકતવર્ણી લાલીમા પાથરીને કોઈકનાં દર્શનની અપેક્ષા માં આથમું આથમું થઈ રહ્યો હતો. ઘેલા નદીમાં એ દિવ્યતાની અનેરી આભા સર્જી રહી હતી.

શ્રીજીમહારાજ પાંચ સાત સંતો તથા ચાર પાંચ હરિભકતો સાથે સ્નાન કરવા માટે ઘેલા નદી તરફ આવી રહ્યા હતા. સૂર્યદેવ પણ મહારાજના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા. ઘેલાને કાંઠે એક કણબી ખેડૂત ધૂનમાં ને ધૂનમાં સીમ ભણી ઉતાવળો જતો હતો. મહારાજના ખભા સાથે તેનો ખભો ભટકાયો. પણ 'કોણ ભટકાયું ?' તેની દરકાર કર્યા વગર ખેડૂત તો ચાલ્યો જતો હતો.

મહારાજની પાછળ મૂળજી બ્રહ્મચારી ચાલતા હતા. ખેડૂતને બાવડું ઝાલી ઉભો રાખી પૂછ્યુ : "અલ્યા, જોતો નથી ? આંધળો છે ? અમારા ભગવાન સાથે ભટકાયો !"

"હું આંધળો હોઈશ પણ તારા ભગવાન પણ આંધળા જ છે ને કે મારી સામે ન જોયું ? રામાવતાર અને કૃષ્ણાવતારમાં પણ અમને જુદા તારવી કાઢ્યા. ગોવાળો અને વાંદરાઓનું કલ્યાણ કર્યું અને અમને ભૂલી ગયા !"

મહારાજ આ સંવાદ સાંભળતા હતા. તેમણે મનોમન સંકલ્પ કર્યો : "આ કણબીઓ અને સર્વ ઉતરતી જાતિમાત્રનું મારે કલ્યાણ કરવું છે. સૌનો ઉદ્ધાર કરવો છે. આ વખતે કોઈને બાકી રાખવા નથી."

મહારાજે કર્યું પણ એમજ, કણબી, કાઠી, કોળી, સઈ, સુતાર, કંસારા, સોની, માળી, સલાટ, વાળંદ, ભીલ, મેર એવી અનંત કાળથી ઉપેક્ષિત જાતિઓનો ઉદ્ધાર કર્યો. એટલું જ નહિ પોતાનાં આશ્રિત બ્રાહ્મણ, વાણિયા અને ક્ષત્રિયો જેવા ઉચ્ચ પવિત્ર સંસ્કાર તેમાં રેડ્યા. જીવન વિશુદ્ધ બનાવ્યું. વર્તન નિર્વ્યસની, નિર્ભય, નીતિમય, પવિત્ર ને ચારિત્ર્યશીલ કર્યું. કાદવમાંથી કમળની જેમ આવી ઉપેક્ષિત જાતિઓમાંથી ઉત્તમ ભકતો તૈયાર કર્યા. એટલું જ નહિ, પરંતુ ખોજા, વોરા, પઠાણ જેવા મુસલમાનો તથા પારસી અને અંગ્રેજ અમલદારોને પણ પોતાના આશ્રિત કરી પવિત્ર ભકતો બનાવ્યા.

આ એક યુગ કાર્ય હતું. સમાજના ઉપેક્ષિત એવા અનંત લોકોને સદાચાર અને પવિત્રતાના મૂલ્યો સમજાવ્યા. અંતરમાં ઉતાર્યા અને નીજ ધર્મનું જ્ઞાન આપ્યું.

મહારાજ સંધ્યા સ્નાન કરી અક્ષર ઓરડીએ પધાર્યા. ઢોલિયે વિરાજ્યા પછી મૂળજી શેઠને પૂછ્યું : "તમને ગણિત કેવુંક આવડે ?" "મહારાજ ! આ લોકમાં ખપ લાગે એટલું તો આવડે જ." ફરીથી પૂછ્યું : "તમને ક્યાં સુધી ગણતાં આવડે ?"

"મહારાજ,આંકડો લખીએ અને તેની ઉપર સતરમીંડા ચડાવીએ ત્યાં સુધી ગણતા આવડે છે."

મહારાજ અનિમિષ નયને કાંઈક વિચારી રહ્યા હતા. પછી બોલ્યા : "અમારે તો તેના કરતાં પણ વધુ, અનંત જીવોનું આ ટાણે કલ્યાણ કરવું છે. પૃથ્વી પરના મુમુક્ષુ માત્રનું કલ્યાણ કરવુંછે. અમારા સાધુના કે અમારે આશ્રિત એવા હરિભકતના સંબંધમાં આવે, તેનું પાણી પીએ કે તેને પાણી પાય, તેને જમાડે કે તેનું જમે, તેનો વાયરો ખાય તે સૌનું કલ્યાણ કરવું છે. આ સત્સંગમાં જન્મ અપાવી, સૌનું આત્યંતિક કલ્યાણ કરવું છે."

"મહારાજની આવી સર્વજનહિતાય, પ્રવૃતિ જોઈને સર્વ સંતો હરિભકતો આશ્ચર્યચકિત થઈ ગયા. સૌનું કલ્યાણ કરવું છે. એ ભરોંસાનો બોલ સર્વત્ર-ગુંજી ઉઠ્યો. મહારાજનો પૃથ્વી પર પ્રગટ થવાનો હેતુ આપ મેળે સમજાઈ ગયો.

અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના દૈનિક સાંધ્ય (સાંજના) થાળ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંજના પાકા થાળ છેલ્લા ઘણા સમયથી શરૂ કરવામાં આવ્યા છે. તો જે ભાવિક શ્રધ્ધાળુ હરિભકતોને ઠાકોરજીને સાંજના થાળ કરાવવાની ઈચ્છા હોય તેમણે કોઠારે રૂા. ૫૦૦/- ભરીને પાવતી મેળવી લેવી. સાંજના થાળની પ્રસાદી આપવામાં આવતી નથી.

સત્સંગ ભાવવાહિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

મહિમા એકાગ્રતાનો

– શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સારંગપુરની બાજુમાં બોટાદ નામનું ગામ છે. ત્યાં એક બહુ જ સારા સત્સંગી રહેતા હતા. તેમનું નામ શીવલાલભાઈ. આ શીવલાલભાઈ વેપારી હતા. પણ સત્સંગી બહુ જ સારા, ઉચ્ચકોટિના. તેઓ જ્યારે પૂજા કરવા બેસે ત્યારે જગત વિસરાઈ જતું. પૂજામાં એટલા તો તન્મય બની જાય કે કેટલો સમય વીતી ગયો તેની પણ ખબર ન રહે !

હાલના જમાનામાં આ કાંડાના ઘડિયાળ કેટલા કામ લાગતા હશે તેની તો ખબર નથી પણ અમુક અમુક જગ્યાએ નુકશાન તો જરૂર પહોંચાડે છે. પૂજા કરવા બેઠા હોય ને થોડીવારે કાંડુ મરડે. ઓ.... હો... દસ મિનિટ થઈ ગઈ. એટલે બને તો પૂજાના સમય દરમિયાન ઘડિયાળ કાંડે બાંધવું જ નહિ.

એક ગામમાં વયોવૃદ્ધ સત્સંગી હતા. જ્યારે એ ગામમાં સંતો કથા-વાર્તા કરવા આવે ત્યારે પેલા સત્સંગી વૃદ્ધ ઉભા થાય. પહેલાં તો લોલકવાળી દિવાલ ઘડિયાળો બધે રખાતી. મોટી ઘડિયાળ દિવાલ ઉપર લગાડેલી હોય. આ સત્સંગી ઉભા થઈને પોતાનો ખેસ ઘડિયાળ ઉપર ઢાંકી દે. આગંતુક સંતો કહે, "તમે આમ શા માટે કરો છો ?" એટલે સત્સંગી ભક્ત કહેતા, "સ્વામી, તમે માંડ આઠ-દસ દહાડા અમારે ત્યાં કથા-વાર્તા કરવા આવ્યા હો અને દસ વાગે એટલે કથા બંધ કરી દો. એ કેમ ચાલે ! ઘડિયાળ ઉપર તમારૂં ધ્યાન ન જાય અને તમે તમારે કથા કર્યા જ કરો એટલે ખેસ ઘડિયાળ ઉપર ઢાંકી દઉં છું.

તો પૂજા કરવા બેસીએ એટલીવાર ઘડિયાળ સામે બહું લક્ષ્ય ન રાખવું. શીવલાલભાઈ વેપારી હતા છતાં પૂજા કરવા બેસે ત્યારે ધંધો-પ્રવૃત્તિ બધું ભૂલી જતા, તન્મય બની જતા.

એકવાર ગોપાળાનંદ સ્વામી ચાર-પાંચ દિવસ માટે બોટાદ પધારેલા. શીવલાલભાઈ પૂજા કરવા બેસે તે સ્વામી જોતા અને ચાર-પાંચ મિનિટ વીતી જાય એટલે સ્વામી તેમની પૂજાના પાથરણાની આગળ આવીને બેસી જાય. શીવલાલભાઈ એમ સમજતાં કે સ્વામીનો મારા પર રાજીપો છે એટલે પૂજા સમયે બાજુમાં આવીને બેસે છે. બીજો કોઈ ખ્યાલ નહીં. અને પૂજા પુરી થાય ત્યારે ઉભા થઈ જાય છે. આવો ક્રમ ત્રણ દિવસ ચાલ્યો. ચોથા દિવસે શીવલાલભાઈની પૂજા અડધી જ થઈ હશે ને સ્વામી ઉભા થઈ ગયા. પૂજા પુરી થઈ ગઈ પછી સ્વામીને પગે લાગવા ગયા ત્યારે શીવલાલભાઈ ગોપાળાનંદ સ્વામીને કહે છે, "સ્વામી, આજે કેમ વહેલા ઉભા થઈ ગયા ?" સ્વામી કહે છે, 'શીવલાલ' જો જો હો, સ્વામીને તેમના પર હેત છે એટલે "શીવલાલ" શબ્દ પ્રયોગ કર્યો અને જો હેત ન હોય તો 'શીવલાલભાઈ શેઠ' એવો શબ્દ પ્રયોગ કરવો પડત. પરંતુ સ્વામીને તેમના ઉપર હેત હતું એટલે બોલ્યા, શીવલાલ હું તારી પૂજામાં આવીને બેસતો હતો, એ તારૂં મોઢું જોવા નો તો બેસતો. તું એવી એકાગ્રતાથી પૂજા કરે છે. એવી તન્મયતાથી પૂજા કરે છે કે તારી પૂજામાં સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાન આવીને બિરાજે છે એટલે હું આવીને બેસતો હતો. અને તારી અડધી પૂજા થઈ ત્યારે યાદ કર, તને શું વિચાર આવ્યો હતો ! શીવલાલભાઈ કહે છે, "હા સ્વામી ! સાચી વાત છે. ચાલુ પૂજાએ મને એવો વિચાર આવેલો કે આજે મુંબઈથી એક માણસ આવવાનો છે તેની સાથે વેપાર અંગે સોદો કરવાનો છે એવો સંકલ્પ થયેલો ખરો !" ત્યારે સ્વામી બોલ્યા, "તને એ સંકલ્પ થયો અને તારી પૂજામાં પધારેલા સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાન પણ ઉભા થઈને જતા રહ્યા, પછી મારે શા માટે બેસી રહેવું એટલે હું પણ તારી અડધી પૂજાએ ઉભો થઈને જતો રહેલો.

બોલો એકાગ્રતા શું કામ કરે છે ? તમે પૂજા કરવા બેસો, ઠાકોરજીને સામે દર્શન કરતાં ઉભા હો કે પછી તમે માળા ફેરવતા હો, પણ કામ કોણ કરે છે ! એકાગ્રતા. આવી રીતે એકાગ્રતાથી કરેલી પૂજા, એકાગ્રતાથી કરેલી પ્રાર્થના, એકાગ્રતાથી ફેરવેલી માળા, એકાગ્રતાથી કરેલું ધ્યાન ઈત્યાદિ સ્વામિનારાયણ ભગવાન પ્રત્યક્ષપણે સ્વીકારે છે.

●

કૃતઘ્ની ન થવું

– સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)


સ્વામિનારાયણ ભગવાને પ્રથમના દસમાં વચનામૃતમાં પોતાને વનવિચરણ દરમ્યાન તિરૂપતિથી સેતુબંધ રામેશ્વર જતા રસ્તામાં ભેટી ગયેલા એક વિચિત્ર માણસ સાથે બનેલી કથની કહી

સંભળાવી. અથવા કહો કે આપણને ઉપદેશ આપવા ચેતવવા માટે ભગવાને ચરિત્ર કરી બતાવ્યું. એ માણસનું નામ સેવકરામ હતું અને તેને 'કૃતઘ્ની' તરીકેનું સર્ટિફિકેટ આપી અને પ્રભુ તેને છોડીને ચાલ્યા ગયા. અને પછી આ વચનામૃતમાં સૌ ભક્તજનોને ઉપદેશ આપ્યો કે હે ભક્તજનો ક્યારેય પણ કૃતઘ્નીનો સંગ ન કરશો. કૃતઘ્ની સ્વામિનારાયણ ભગવાનને બિલકુલ ગમતા નથી. કૃતઘ્નીપણું પણ ભગવાનને ગમતું નથી. તો કૃતઘ્ની કોને કહેવાય એ સમજવા માટે આ વાત પણ ઉપયોગી છે.

ગીરીશ નામે એક પવિત્ર બ્રાહ્મણ હતો. તે ખૂબજ દરિદ્ર હતો. તેની પાસે ધન ન હતું. રહેવા માટે પોતાના પૂર્વજનું જૂનું મકાન હતું. તેમાં તે નિવાસ કરતો. ગીરીશને ધન કમાવવાની ઈચ્છા થઈ. ગીરીશ પોતાનું જૂનું મકાન વેચી તેની જે કિંમત આવી તે લઈને મલેચ્છ દેશમાં ધન કમાવવા માટે નીકળ્યો. પરંતુ મલેચ્છ દેશમાં તેને ધનની કમાણીની ઈચ્છા પૂરી ન થઈ. ત્યાંના નિવાસ દરમિયાન ત્યાંની કોઈ મલેચ્છ સ્ત્રી સાથે તે પરણી ગયો અને તે આચાર ભ્રષ્ટ થયો. તેની પત્નીના હાથનું મલેચ્છ ભોજન કરવાથી માસાહારી પણ બની ગયો. પોતાની પવિત્રતા બ્રાહ્મણત્વ તે ખોઈ બેઠો. દારૂમાસનો આહાર કરતો થઈ ગયો. પણ તેની ધન કમાવવાની ઈચ્છા પૂરી ન થઈ હોવાથી તે પરદેશ જવા રવાના થયો. નાવમાં બેસી તે પરદેશ ગયો. દૂર દૂરના વિસ્તારોમાં તે ફરવા લાગ્યો પણ તેને કોઈ કામ આપતું નહીં. રખડતા ભટકતા ગીરીશ ભયંકર જંગલમાં અટવાઈ પડ્યો. તેને રસ્તાની ખબર ન રહી. અતિશય ભૂખ, ગભરાટથી તે બેબાકળો બની ગયો. ત્યાં તેને એક નાડીજંગ નામે બગલો મળ્યો. આ નાડીજંગે ગીરીશની ભૂખ દૂર કરી. ભોજન આપ્યું. અને જંગલમાં આવવાનું કારણ પૂછ્યું, ગીરીશે પોતાની ધન કમાવવાની ઈચ્છા વ્યક્ત કરી કે હું અહીં ધન કમાવવા માટે આવ્યો હતો પણ જંગલમાં અટવાઈ પડ્યો છું. ત્યારે નાડીજંગે ગીરીશને મદદરૂપ બનવા પોતાના મિત્રનું સરનામું આપ્યું. ગીરીશ નાડીજંગના કહ્યા મુજબ હંસધ્વજ ગામમાં ગયો. ત્યાં હીરણ્યાક્ષ નામના શેઠને મલ્યો. નાડીજંગનો સંદેશો આપ્યો. તેથી હીરણ્યાક્ષે પોતાના મિત્રના કહેવાથી તેને પોતાની સાથે ગીરીશને નોકરીમાં રાખી લીધો. તેને ખૂબ જ ધન આપ્યું. ધન કમાયા પછી ગીરીશે હિરણ્યાક્ષ શેઠ પાસે રજા માગી પોતાના દેશમાં જવાની ઈચ્છા વ્યક્ત કરી. ગીરીશ પોતાના દેશ જતા પહેલા મિત્ર નાડીજંગ પાસે આવે છે. નાડીજંગ ગીરીશને રાત્રી ભોજન કરાવે છે. ત્યારબાદ બન્ને જણા સાથે સૂઈ જાય છે. અતિ મલિન આહાર વિહારથી ગીરીશ પોતાની પવિત્રતા, પોતાના સારા વિચારો ખોઈ બેઠો હોય છે. તેના કારણે રાત્રે ગીરીશ સળગતા લાકડાથી પોતાના મિત્ર નાડીજંગને મારી નાખે છે. અને પોતાના આહાર માટે સાથે લઈ જાય છે. સવાર થતા હિરણ્યાક્ષ શેઠ પોતાનો મિત્ર નાડીજંગ ન મળતા પોતાના સૈન્યને તપાસ માટે મોકલે છે. હિરણ્યાક્ષ શેઠના સૈન્યએ ગીરીશને નાડીજંગના મૃત શરીર સાથે પકડી લે છે. હિરણ્યાક્ષ શેઠના ક્રોધનો પાર નથી રહેતો. જેને તને મદદ કરી તેની જ તેં હત્યા કરી ! તું કૃતઘ્ની છે. હિરણ્યાક્ષ શેઠે રાક્ષસોને બોલાવી ગીરીશને મારીને ખાઈ જવાનો હુકમ કર્યો. રાક્ષસોએ ગીરીશને મારી તો નાખ્યો પણ તેનું માસ ન ખાધું. કારણ કે કૃતઘ્ની ના માસ ભક્ષણથી રાક્ષસો ડરે છે. કૃતઘ્ની એ મહા પાપી ગણાય છે. તે સમયે સ્વર્ગની કામધેનું ગાય આકાશ માર્ગેથી પસાર થાય છે. તેના સ્તનમાંથી દૂધનુ ટીપું નાડીજંગના મૃત શરીર ઉપર પડે છે. અને નાડીજંગ જીવતો થઈ જાય છે. તે સમયે ઈન્દ્ર આવી અને નાડીજંગને તેના મૃત્યુ અને ફરીથી જીવંત થવાનું કારણ બતાવે છે. નાડીજંગને બ્રહ્માનો શાપ હોવાથી મૃત્યુ થાય છે. અને તેમના જ આશીર્વાદથી તે જીવતો થાય છે. પણ નાડીજંગ જીવંત થતાં પોતાના મિત્ર ગીરીશને યાદ કરે છે. હિરણ્યાક્ષે તેને મારી નાખ્યો હોવાથી નાડીજંગ ઈન્દ્રને પોતાના મિત્રને જીવતો કરવા આજ્ઞા કરે છે. ઈન્દ્ર અમૃતના છાંટા નાખી ગીરીશને જીવંત કરે છે. ગીરીશ નાડીજંગની માફી માગે છે. અને પોતાના દેશમાં પાછો ચાલ્યો જાય છે. પછી તે પોતાની બાકીની જીંદગી પવિત્રતાથી જીવે છે. પણ જીંદગીને અંતે મૃત્યુ પછી તેને જમદૂતો ખૂબ જ મારમારીને નરકમાં જ નાખે છે. ગીરીશની સદ્‌ગતિ થતી નથી.

મિત્રો ! કર્યા કૃત્યને ન જાણે, ઉપકાર કરનારાનો પણ અપકાર કરે તેનું નામ કૃતઘ્ની. કૃતઘ્નીપણા જેવું કોઈ પાપ નથી. માટે જ સુજ્ઞ માણસો આવા કૃતઘ્નીઓને ઓળખીને તેનાથી દૂર રહેવું. તેનો સંગ કરવો નહિ. તેની સાથે મિત્રતા રાખવી નહિ.

?????????????? પ્રશ્નપેટી ??????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ જે પ્રેમી ભક્ત તેના મનોરથ પુરા કરવા એજ ભગવાન ને અવતાર ધર્યાનું પ્રયોજન છે. આ વાત શ્રીજી મહારાજે ક્યા વચનામૃતમાં કોને ત્યાં કરી છે ?

પ્રશ્ન : ૨ પ્રત્યક્ષ ભગવાનને પ્રત્યક્ષ સંત તેને જ કલ્યાણના દાતા બતાવે અને જેવું પરોક્ષ ભગવાનને પરોક્ષ સંતનું માહાત્મ્ય છે તેવું પ્રત્યક્ષ ભગવાનને પરોક્ષ સંતનું માહાત્મ્ય શ્રીજી મહારાજે પોતાના સ્વમુખે ક્યા વચનામૃતમાં વિશેષ વર્ણવ્યુ છે ?

પ્રશ્ન : ૩ બ્રહ્માએ મનુરાજા અને શતરૂપાનું જોડલું ઉત્પન્ન કર્યું અને તેમને સૃષ્ટિ કરો એમ કહ્યું, તેમણે આવીને પ્રથમ શું વસાવ્યું કે જેનાથી ચાર ધામ સરખા દૂર છે ?

પ્રશ્ન : ૪ કોઈની ગૃહ્ય વાર્તા તે તો કોઈ ઠેકાણે પ્રકાશ કરવી નહીં તે શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં વર્ણવ્યું છે ?

પ્રશ્ન : ૫ "વિભીષણને વાલમાં રે દુઃખ ટાળી કર્યો દાસ પાંડવોનો આવી વનમાં રે, ટાળયો દુઃખ રે." આ કડી ક્યા પદની છે તેના રચયિતા કોણ છે ?

પ્રશ્ન : ૬ ખાવા-પીવાનું ખૂબ જ જડતું, વસ્ત્રનો નહિ પાર રે, જોઈએ તેવા જોડા જડતા તકે તકે તૈયાર રે..... આગળની કડી પૂર્ણ કરો તથા આના રચયિતાનું નામ જણાવો ?

પ્રશ્ન : ૭ દશરથ રાજાએ મખોડા ઘાટે શાના માટે તથા કેટલા વર્ષ યજ્ઞ કર્યો ?

સપ્ટેમ્બર-૨૦૦૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) વસંતામાસી, ચંદનામાસી. (૨) પ્રથિત પાંડેના પત્નીનું નામ વચનબાઈ હતું. તેમણે ભક્તિદેવીને કહ્યું "હે છોટીબા" તમે પેલા કૂવામાં જળ ભરવા દિવસે જજો. પરંતુ કોઈ દિવસે વહેલા મોડા જશો નહિ. કેમ કે એ કૂવામાં ઘણાંક ભૂતો રહે છે. (૩) ભૂજના શિલ્પી નારાયણજીભાઈ સુતાર પાસે. (૪) પીંગલ ભાષા ભૂજનગરમાં ભણીને સમ્રાટ કવિ થયા. (૫) ગુરુ, દેવ, રાજા તથા સભાને વિષે પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું તે આજ્ઞા શિક્ષાપત્રીના શ્લોક નં. ૭૦ માં કરી છે. (૬) સંવત ૧૮૫૭ માં પ્રથમ લોજ ગામમાં જુદી સભા શરૂઆત કરી. (૭) જન્મ ધારણ કર્યે ૨૨૫ વર્ષ પૂર્ણ થયા તેનો દિવ્યાતી દિવ્ય મહોત્સવ અમદાવાદ દેશમાં ભગવાનની "જન્મભૂમિમાં જન્મ જયંતી" છપૈયા (યુ.પી.)માં ઉજવાયો અને તે મહોત્સવનું નામ રજત દ્વિ શતાબ્દી જન્મજયંતી મહોત્સવ રાખવામાં આવ્યું હતું.

૧. અમૃતલાલ કચરાદાસ (સોજા)
૨. ગોરધનભાઈ શંકરદાસ પટેલ (સોજા)
૩. કંચનબેન બાબુભાઈ નિલેષ શૈલેષ
૪. રેખાબેન કિર્તીભાઈ (ઊંઝા)
૫. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૬. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૭. પરમાર શાંતિભાઈ વાલાભાઈ (બળોલ)
૮. પરમાર અલ્પેશ એસ. (બળોલ)
૯. પરમાર સોનલબેન એસ. (બળોલ)
૧૦. ચોટલીયા પુષ્પાબેન દયાળજીભાઈ (ઘૂળકોટ)
૧૧. ચોટલીયા મનીષાબેન દયાળજીભાઈ (ઘૂળકોટ)
૧૨. ચોટલીયા રંજનબેન દયાળજીભાઈ (ઘૂળકોટ)
૧૩. સોની ભગવાનદાસ (મોરબી)
૧૪. આદ્રોજા માધવજી હરજી (મોરબી)
૧૫. અજય ઘનશ્યામભાઈ પટેલ (નાંદોલ)
૧૬. કૈલાશ વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ)
૧૭. અંજના વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ)
૧૮. સાકરબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)
૧૯. વિણાબેન ભાવસાર (નવરંગપુરા)
૨૦. અરવિંદાબેન ભાવસાર (ચાંદલોડીયા)
૨૧. હસુમતીબેન ઠક્કર
૨૨. હરિતાબેન (ઉસ્માનપુરા)
૨૩. કંચનબા તથા કુંદનબા (મેડા)
૨૪. સોની માલતીબેન કમલેશભાઈ ટીકર (હળવદ)
૨૫. પટેલ હેતલબેન મયુરકુમાર (કુહા)
૨૬. પટેલ મેઘાબેન કમલેશ (કુહા)
૨૭. ધીરૂભાઈ કાછડીયા (બાપુનગર)
૨૮. ગીતાબેન શીંગાળા (બાપુનગર)
૨૯. રિંકુ ખીચડીયા (બાપુનગર)
૩૦. રાધિકા કાછડીયા (બાપુનગર)
૩૧. વિનોદ પી. પટેલ (વહેલાલ)
૩૨. સાં.યો. શિલ્પાબા તથા શીતલબા (સુરેન્દ્રનગર)
૩૩. મિરાણી સ્મિતલ ઘનશ્યામભાઈ (પાટડી)

નોંધ :પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.

।। ભક્તિસુધા ।।

સાચી સમજણ

- સાંખ્યયોગી કમળાબા તથા
ઉષાબા (સુરેન્દ્રનગર)

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ પુરુષોત્તમ નારાયણ અનેક જીવના કલ્યાણ કરવા તેમજ એકાંતિક ધર્મનું સ્થાપન કરવા માટે અને પોતાના પ્રેમી ભક્તોના મનોરથો પૂરા કરવા માટે આ પૃથ્વી પર પધાર્યા. જે ખરેખરા ભક્ત હોય તેને મહારાજ જે સ્થિતિમાં રાખે તેમાં રાજી થકો રહે. પણ ભગવાનને ક્યારે પણ દોષ દે નહિ કે "મહારાજે મને દુઃખ કેમ આપ્યું ?" હું ભજન કરું છું, ધર્મ પાળું છું છતાં મારે કેમ દુઃખ આવે છે. આવો ભગવાનના ભક્તને સંકલ્પ ન થાય. હરિ ઈચ્છાથી જે સુખ દુઃખ આવે તેને સહન કરે. ભગવાન જે કરે તે સારું જ કરે છે. આવી જેને સમજણ હોય એ એકાંતિક ભક્ત કહેવાય. વચનામૃતમાં પણ મહારાજ કહે છે ત્યાગી ગૃહીનો કાંઈ મેળ નથી. જેની સમજણ મોટી તે મોટો. સમજણ કેળવવી ઘણી કઠણ છે. આપણને સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણ મળ્યા છે. એ મારા મોટા ભાગ્ય છે. એમ માનવું. જેના દર્શન દેવતાને પણ દુર્લભ છે. દેવો મહારાજને પ્રાર્થના કરે છે. નમસ્કાર કરી કરીને માયાના મુગટના મણી પણ ખરી ગયા. તો પણ ભગવાનના દર્શન થતા નથી. એ મહારાજના આપણને ચોવીસે કલાક દર્શન થાય છે. તો આપણાથી બીજો કોઈ ભાગ્યશાળી નથી. આપણા જેવું કોઈને સુખ નથી આવો કેફ રાખવો. સંસારના સુખ દુઃખ તો આવ્યાં કરે પણ દુઃખ દેખીને આવા મહારાજનને મૂકીને કોઈ બીજા દેવ દેવીનો આશરો કરવો નહિ. આપણા સ્વામિનારાયણ ભગવાન પ્રત્યક્ષ છે. સત્સંગમાં પ્રત્યક્ષ વિચરે છે. ભક્તોનું સંકટમાં રક્ષણ કરે છે. બીજા ભક્ત પાસે પણ ધ્યાન રખાવે છે. પણ આપણી નિષ્ઠા પાકી હોવી જોઈએ.

બોટાદની બાજુમાં એક ગામમાં ગીગાભાઈ ધાંધલ નામના એક એકાંતિક ભક્ત હતા. વ્યવહારે સાધારણ હતા. પણ ભક્તની સમજણ બહું ઊંચી હતી. પોતે બન્ને આંખે આંધળા હતા. પરિવારમાં એક દીકરો અને એક દીકરી હતા. પોતે ઘરંભગ થયા હતા. નાની વયમાં યુવાન દીકરી પણ વિધવા થઈ અને પિયરમાં રહેતી હતી. પિતાની સેવા કરે. દીકરો ખેતીનું કામ કરતો અને ગીગાભાઈ શાંતિથી ભગવાનનું ભજન કરતા.

એમાં ભગતને વિપત્તિ આવી. યુવાન કમાઉ દીકરો બિમાર પડ્યો. ભગત દીકરાના ખાટલા પાસે બેસી માળા કરે. ભગવાનની વાતો કરે. દીકરાને મહારાજે દર્શન આપી કહ્યું કે તારું આયુષ્ય પુરુ થઈ ગયું છે. અમે તને તેડવા આવ્યા છીએ. તો તારા બાપાને પૂછી જો. તે રાજી થઈને રજા આપે તો તેડી જઈએ. આ સાંભળી ગીગા ભગતે કહ્યું, "બેટા કોની સાથે તું વાતો કરે છે ?" દીકરો કહે, "બાપા ! મહારાજ મને તેડવા આવ્યા છે. તમે રજા આપો તો હું ધામમાં જાવું." ગીગા ભગત કહે, "બેટા ! મહારાજ તેડવા આવ્યા હોય તો સુખેથી જા. અમારી ચિંતા કરીશ નહિ. હરખતે હૈયે બાપાએ રજા આપી. મહારાજ ધામમાં તેડી ગયા. સગા સંબંધી" આડોશી-પાડોશી બધા આવી અંતિમ ક્રિયા કરી સાંજે બધા બેસવા આવ્યા અને ખેદ કરી કહેવા લાગ્યા. ભગત તમે અંધ છો. વળી વિધવા યુવાન દીકરી, કામ કરે એવું ઘરમાં કોઈ ન રહ્યું. મહારાજે બહું ખોટું કર્યું. ત્યારે ભગતે કહ્યું, "જુઓ, ભાઈઓ ! મારા દીકરાને મહારાજ ધામમાં તેડી ગયા છે" વહેલું - મોડું સહુને ત્યાં જવાનું જ છે. તેનો શોક કરવાનો ન હોય, મહારાજને દોષ દેવાનો ન હોય. જે મહારાજ કરે છે તે સારું જ કરે છે. આમ આવનાર માણસને ભગત ધીરજની વાત કરવા લાગ્યા. આવી સમજણ આવવી કઠણ છે. મહારાજે વચનામૃતમાં પણ કહ્યું છે. ત્યાગી-ગૃહીનો કાંઈ મેળ નથી જેની સમજણ સાચી તે મોટો.

ઘરમાં બાપ દીકરી બે રહ્યા. ભગવાનના સ્મરણ સાથે વ્યવહાર ચાલ્યો જાય છે. છ માસ થયા. ત્યાં દીકરી બિમાર પડી તેને પણ મહારાજ ભક્તને પૂછાવીને ધામમાં લઈ ગયા.

ત્યારે સગા-સંબંધી કહેવા લાગ્યા, "ભગત તમે અંધ અને તમારા દીકરા-દીકરીને મહારાજ ધામમાં તેડી ગયા." ત્યારે ભગત કહે, "મારી ચિંતા મહારાજે

ઓછી કરી નાખી. મને એ ચિંતા રહ્યા કરતી કે મારા ગયા પછી યુવાન વિધવા દીકરીનું શું થશે પણ મારી ચિંતા મને થાય એના કરતા મારા ભગવાનને વિશેષ થતી હશે. તેથી મહારાજે મને ચિંતા મુક્ત કર્યો.''

પછી મહારાજે બોટાદના શિવલાલ ભાઈને દર્શન દઈને કહ્યું કે, અમે ગીગા ભગતના દીકરા અને દીકરીને ધામમાં લઈ ગયા છીએ. ત્યારે શિવલાલ ભાઈએ કહ્યું કે એ અંધ ડોસાનું શું થશે ? ત્યારે મહારાજ કહે એ જ ભલામણ કરવા અમે આવ્યા છીએ. એમને સાચવવાની જવાબદારી તમારા માથે છે. ત્યારે શિવલાલભાઈ કહે, સારું મહારાજ મારા મોટા ભાગ્ય કે એ ભક્તની સેવા મને મળી. હું કાંઈ કચાશ રહેવા નહિ દઉ.

પછી શિવલાલભાઈ ભગતને ગામ જઈ ભગતને મળ્યા અને મહારાજે દર્શન દઈને જે વાત કરી હતી તે કહી અને એક સુપાત્ર બાઈને ભગતને રાંધી ખવરાવવાની વ્યવસ્થા સોંપી.

શેઠને ત્યાં ૫૦૦/- રૂપિયા જમા કરાવ્યા. ખાધા-ખોરાકીનો બીજો ખર્ચ અને વેતન ચૂકવવાની વાત કરી પછી શિવલાલભાઈ અવાર-નવાર ભગતની ખબર અંતર પૂછી જતા. જોઈતી રકમ મોકલી આપતા અને ગીગા ભગત ભગવાનનો અને શિવલાલભાઈનો અહોભાવ માનતા. ''જેને જેનો આશરો તેને તેની લાજ.'' આ ન્યાયે મહારાજે છેવટ સુધી શિવલાલભાઈ દ્વારા ભગતનું ધ્યાન રખાવ્યું. અને પછી થોડા સમયમાં મહારાજ ગીગા ભગતને પોતાના ધામમાં લઈ ગયા.

આમ, મહારાજ પોતાના એકાંતિક ભક્તની સંકટમાં સહાય કરે છે. પણ ભક્ત જો દુઃખમાં ભગવાનને ન ભૂલે, ભગવાન વિના બીજા કોઈ દેવ-દેવીનોઆશરો ન કરે તો ભગવાન એનું દરેક રીતે ધ્યાન રાખે છે. બીજા ભક્ત દ્વારા પણ ધ્યાન રખાવે છે. માટે ભગવાનનો દૃઢ આશરો રાખવો ને મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું તો સંકટમાં શ્રીજી મહારાજ સદાય રક્ષા કરે છે.

દુર્લભમાં દુર્લભ મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે. તો જીવના કલ્યાણ માટેના સાધનો કરી લેવા. જેવા કે તપ, જપ, વ્રત, દાન, પુણ્ય કરી લેવા. જેથી એકાંતિક ભક્ત બની સાચી સમજણ પ્રાપ્ત કરીને મનુષ્ય જન્મ સાર્થક બનાવીએ.

●

સુખમાં ભગવાન ભૂલાય છે

- પુષ્પાબેન કેરાઈ (અંજાર-કચ્છ)

સુખ અને દુઃખ એ સંસારચક્રના બે પાસાં છે. જે માણસના કર્મની આસપાસ ફર્યા રાખે છે. સુખ એ સારા કર્મોનું ફળ છે અને દુઃખ એ ખરાબ કર્મોનું ફળ છે.

સામાન્ય રીતે માનવી દુઃખમાં જ જગતપિતા પરમાત્માને સંભાળે છે. ભગવાનનું સાચું અસ્તિત્વ અને મહિમા દુઃખમય પળોમાં વધારે સારી રીતનાં સમજાય છે. સુખમાં મોટે ભાગે જગતકર્તા પ્રભુને આપણે વેગળા મૂકી દઈએ છીએ અને એજ આપણી નબળાઈ છે.... જે સુખઃ ચેનમાં ભગવાન ભૂલાય એ સુખ જીવનને પતનના માર્ગે લઈ જાય છે. સુખમાં ભગવાનની અવગણના એ ઘોર દુઃખની આગાહી છે.

માતાના ગર્ભમાં જીવાત્મા જ્યારે મળમૂત્રથી ભરેલી સાંકડી જગામાં અનેક કષ્ટો ભોગવે છે ત્યારે તે તદ્ન લાચાર હોય છે. દુઃખના દરિયામાં ડચકા ખાતો માનવી ત્યારે પ્રભુને ગદ્ગદ્ પ્રાર્થના કરીને બહાર કાઢવાની પ્રાર્થના કરે છે અને પ્રભુમય જીવન વીતાવવાની કબૂલાત કરીને એ ગર્ભાશયની બેડીઓ તોડીને પ્રભુ-ઈચ્છાએ બહાર આવે છે. એ 'ઉવાં, ઉવાં' ના ઉચ્ચાર સાથે એ સઘળું અભરાઈએ ચડાવે છે. આ એની મોટી ભૂલ છે.

અને ત્યારથી એ સુખસાહ્યબી ભોગવવાની પ્રેરવીમાં પડે છે. પોતાના સુખચેન માટે રૂદન કરે છે, જીદ કરે છે, ધમપછાડા કરે છે અને રીસાય પણ છે. મા-બાપના ભોગે એ સઘળી સુખ-સગવડો ભોગવે છે.

મોટો થાય છે ત્યારે પોતાના સુખચેન માટે મા-બાપને તરછોડે છે. જ્યારે તકલીફ પડે છે ત્યારે ઈશ્વરને સંભારે છે. સંકટ સમયે પ્રાર્થના કરે છે. ભગવાનની અનેક માનતાઓ-બાધાઓ પણ રાખે છે. કથાઓ પણ બેસાડે છે. દુઃખમાં એ પોતાના જીવનમાં કરેલી અનેક ભૂલોમાં ડોકિયું કરે છે. દુઃખમાં એને જીવનનો સાચો રાહ દેખાય છે. દુઃખદ વાતાવરણમાં માનવી થોડો ડાહ્યો અને વધારે સમજુ થઈ જાય છે. જે જ્ઞાન એને વર્ષો સુધી શાસ્ત્રો કે ગુરૂ ઓ દ્વારા પ્રાપ્ત થયું નથી એ જ્ઞાન એને દુઃખના દહાડામાં આપો આપ મળી રહે છે. સુખમાં જેનાં પગથિયાં એ ભાગ્યે જ ચડે છે તે દુઃખમાં રોજ મંદિરના પગથિયાં ચડતો દેખાય છે.....

ભગવાને આપેલા સારા સુખદાયક

દિવસોમાં ખુદ ભગવાનને ભૂલવા બદલ એ પસ્તાય છે. દુઃખમાં ભટ્કામાં શેકાતો માનવી સુખના દિવસોમાં કરેલાં કુકર્મોનો એ હિસાબ કરે છે. અને એના ભાગે આવેલા દુઃખદ દિવસોને એ પ્રભુમય બનાવવાની કોશિશ કરે છે. સારા દિવસોમાં એની પાસે સત્સંગ-ભક્તિ માટે ઘણી વખત સમય નથી હોતો. જે સમય હોય છે એનો એ પાર્ટીઓ, ટી.વી. અને હીલસ્ટેશને હવાફેર માટે વાપરે છે. મંદિરમાં એ ક્યારેક પ્રભુની મૂર્તિને નમીને તાત્કાલિક રવાના થાય છે. જ્યારે માઠા દિવસોમાં એ કથા, વાર્તા, સત્સંગ, ભક્તિમાં પ્રભુ સમક્ષ ગરીબડો બનીને લાંબા સમય સુધી પડ્યો રહે છે. ભગવાનની આરતી-પૂજામાંએ પુરતો રસ લે છે. અને પોતાની શાન ઠેકાણે લાવવા માટે પ્રભુએ આપેલા એ દુઃખદ વાતાવરણને એ પ્રભુના આશીર્વાદ માને છે. અને પોતાના જીવનમાં નીતિ, નિયમ લાવીને સાચા અર્થમાં પ્રભુનું શરણ લે છે... પ્રભુની મીઠી છાંય હેઠળ એને સુખ અને દુઃખ સરખું જ લાગે છે.

એને સાચી રીત સમજાય છે કે સુખ અને દુઃખ એ પ્રભુએ આપેલા અમૂલ્ય જીવનના ચડ-ઉત્તર છે. દુઃખ લાંબો સમય રહેવાનું નથી અને સુખ લાંબો સમય ચાલવાનું નથી. કોઈપણ સંજોગોમાં ભગવાન ભૂલાય નહિ એજ સાચું જીવન છે. પ્રભુ સ્મરણ વિનાનું જીવન વ્યર્થ છે.

પૂજ્ય માતુશ્રીના વિરહમાં

આવા રૂડા શ્રી નરનારાયણદેવના ધામ,
છોડીને માતુશ્રી ચાલીયા રે, માણારાજ.
એમને મલ્યો છે મુક્તોનો સાથ કે,
નારાયણઘાટના આરે જઈને ઉતર્યા રે માણારાજ.
સાબરમતીના અતિ ઘણાં તેજ કો,
તેજમાં તેજ સમાયા માણા રાજ.
સૂના લાગે મંદિરના દ્વાર કે,
એથી રે સૂની છે હવેલી માણારાજ.
સૂના લાગે મંદિરના ચોક કે,
એથી રે સત્સંગીઓ સુના માણારાજ.
સૂના લાગે હવેલીના ચોક કે,
એથી રે સૂની છે બહેનો માણારાજ.
સૂના લાગે ત્યાગી બાઈઓ કે,
એથી રે સુના છે ગાદીવાળાશ્રી માણારાજ.
નથી ગમતું હવેલીની માંય કે,
આંખોથી આંસુ ચાલીયા રે માણારાજ.
મહારાજશ્રી રૂવે સભામંડપની માંય કે,
સંતો એમને રીઝવે રે માણારાજ.
આવા રૂડા માતુશ્રીનાં પ્યાર કે,
ધર્મકુળને બહુ સાંભળે રે માણારાજ.
આવા રૂડા સ્વામિનારાયણ બાગ કે,
છોડીને માતુશ્રી ચાલીયા રે માણારાજ.
નરનારાયણદેવનાં અતિ ઘણાં તેજ,
એ તેજમાં તેજ સમાયા માણારાજ.
માતુશ્રીની પડી સહુને ખોટ કે,
ખોટ કોણ પુરે માણારાજ.
નરનારાયણદેવ છે હાજરાહજુર કે,
દર્શન સહુને દેશે માણારાજ.

-કંચનબેન રણછોડભાઈ પટેલ (નારણપુરા)

સત્સંગ સમાચાર

શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ ઉજવાયો

વિજયા દશમીના શુભ દિને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૩૫ મો પ્રાકટ્યોત્સવ પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં ધામધુમથી ઉજવાયો હતો.

પૂ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી અને અમદાવાદ અને મૂળી મંદિરના વિદ્વાન સંત મંડળે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૩૫ મા પ્રાકટ્યોત્સવ પ્રસંગે પોતાની શુભ ભાવના-શુભેચ્છા પાઠવીને પુષ્પહાર-આરતી કરીનેશુભ કામના વ્યક્ત કરી હતી. શહેર અને ગામોગામથી પધારેલા હજારો ભાવિક ભક્તોએ પોતાના પ્રાણ પ્યારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને પુષ્પહાર-ભેટ ધરી આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.લાલજી મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી માન સરોવર યાત્રામાં પધાર્યા હતા.) પૂ. મહંત સ્વામીના માર્ગદર્શન હેઠળ સંતોએ સુંદર વ્યવસ્થા કરી હતી.

(કોઠારી ધર્મપ્રકાશદાસ)

અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શારદા પૂજન અન્નકૂટોત્સવ ઉજવાયા

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સમૂહ શારદાપૂજન-ચોપડા પૂજન તા. ૨૨-૧૦-૦૬ના રોજ પ્રસાદીના સભામંડપમાં વિદ્વાન પંડિતો સાથે પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી પૂ. મહંત શા.સ્વામી નિર્ગુણદાસજીએ પૂજાવિધિ કરાવેલ. (પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના દાદીમાં અક્ષરનિવાસી થયા હોવાથી) હજારો હરિભક્ત વહેપારી ભાઈઓએ પોતાના ધંધા-ઉદ્યોગના ચોપડાનું પૂજન કરાવીને દિવ્ય લાભ લીધો હતો. આજે સર્વોપરિ શ્રી નરનારાયણાદિદેવોને મહા અન્નકૂટ ધરાવવામાં આવેલ. બપોરે ૧૨ થી ૫ કલાક દરમ્યાન અન્નકૂટ દર્શન માટે શહેર અને બહાર ગામના હજારો હરિભક્તોએ દર્શનનો મહા લાભ લીધો હતો. નૂતન વર્ષના શુભ દિને ઠાકોરજીની મંગળા આરતી થી લઈ રાત્રી પર્યન્ત દર્શનાર્થીઓની મોટી ભીડ જોવા મળી હતી. પ્રસાદીના સભા મંડપમાં મંદિરના ગોરે સં. ૨૦૬૩ના વર્ષનો વરતારો વાંચી સંભળાવ્યો હતો. પૂ. મહંત સ્વામીના માર્ગદર્શન હેઠળ કોઠારી સ્વામી અને સંત મંડળે લાઈટ ડેકોરેશન-અન્નકૂટ પ્રસાદ વિતરણ - ચોપડા પૂજન વ્યવસ્થા વગેરેનું સુંદર આયોજન કર્યું હતું.

(શા. વિશ્વવલ્લભદાસ)

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ૩૫ મા પ્રાકટ્યોત્સવ પ્રસંગે કલોલ યુવક મંડળ તરફથી શ્રી સ્વામિનારાયણ અંકના સભ્યોને સૌજન્ય ભેટ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૩૫ મા પ્રાકટ્યોત્સવ પ્રસંગે કલોલ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તરફથી શ્રી સ્વામિનારાયણ માસિકના ૩૫ વંશ પરંપરાગત સભ્યોને ૫૦ ટકા એટલે આ પ્રસંગની ખુશાલીમાં જે નવા સભ્યો બને તેમને રૂા. ૨૫૦ કલોલ યુવક મંડળ તરફથી સૌજન્ય ભેટ આપવામાં આવી હતી. જેથી ૩૫ હરિભક્તોને આ લાભ મળ્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કલોલ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ઉપર અતિ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવે

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં પરમ પૂજ્ય માતુશ્રીના અક્ષરધામ ગમન નિમિત્તે અખંડ મંત્ર જાપ

સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રસ્થાપિત ઉત્તરદેશ શ્રી નરનારાયણદેવ પીઠના ૬ઠ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના અને સમસ્ત સંપ્રદાયના પરમ પૂજ્ય માતુશ્રીના દિવ્ય અક્ષરધામ ગમન નિમિત્તે તા. ૩૧-૧૦-૦૬ના દિને કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં પ્રસાદીના દિવ્ય સભા મંડપમાં સવારે ૮-૩૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂનનો શુભારંભ કરવામાં આવેલ. સતત ૨૪ કલાક આયોજીત મહામંત્ર ધૂનમાં દેશોદેશના સંતો-મહંતો અને અમદાવાદ શહેર અને બહાર ગામના હજારો ધર્મકુળ પ્રેમી હરિભક્તો ધૂનમાં જોડાયા હતા. બહેનોની હવેલીમાં પણ સાંખ્યયોગી અને કર્મયોગી બાઈઓ મોટી સંખ્યામાં ધૂનમાં જોડાયા હતા.

અમદાવાદ, મૂળી અને ભુજ તાબાના શિખરબધ્ધ અને હરિ મંદિરોમાં પણ આ નિમિત્તે ધૂનનું આયોજન કરવામાં આવેલ. તા. ૧-૧૧-૨૦૦૬ના સવારે ૮-૦૦ કલાકે શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપોના સાનિધ્યમાં ધૂનની પૂર્ણાહુતિ થઈ હતી.

છે. આપણા યુવક મંડળ અને મોટા હરિભક્તોને ખરેખર સુંદર પ્રેરણા મળશે. "ધન્ય છે કલોલ યુવક મંડળને."

(મહંત સ્વામી)

શરદોત્સવ ઉજવાયો

આસો સુદ-૧૫ શરદ પૂર્ણિમાના શુભ દિને અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના વિશાળ પ્રાંગણમાં શરદોત્સવનું સુંદર આયોજન કરવામાં આવેલ. સંત-હરિભક્તોની વિશાળ સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા ત્યારે ઉત્સવમાં અલૌકિકતા વ્યાપી ગઈ. શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળના ઓચ્છવની સુંદર રમઝટ ચાલતી હતી. શ્વેત વસ્ત્રોના સુંદર-દિવ્યતમ મંડપમાં ઠાકોરજી વિરાજમાન થયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારીને સૌને દર્શનનો દિવ્ય લાભ આપેલ. અત્રે ઉત્સવ પૂર્ણ કરી પૂ.મહારાજશ્રી અને પૂ. લાલજી મહારાજશ્રી નારણઘાટ મંદિર ઉત્સવ કરવા પધાર્યા હતા. કોઠારી સ્વામી અને સંત મંડળે સુંદર વ્યવસ્થા ગોઠવી હતી.

(જયેશ પટેલ)

નારાયણઘાટ મંદિરમાં શરદોત્સવ ઉજવાયો

પવિત્ર પુણ્ય ભૂમિ શ્રીનારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શરદપૂર્ણિમા ના શુભ દિને રાત્રે ૯ થી ૧૨ મંદિરના વિશાળ ચોકમાં શીતળ ચાંદનીમાં શરદ ઉત્સવમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં સંપ્રદાયની મર્યાદા પ્રમાણે ભાઈ-બહેનો સુંદર રાસ રમ્યા હતા. ભાઈઓ સાથે સંતો પણ રાસમાં જોડાયા હતા. શ્રી જયેશભાઈ સોનીના મધુર રાગમાં રાસની સુંદર રમઝટ ચાલી હતી. કાલુપુર, કાંકરીયા આદિ મંદિરના સંતો અને આજુબાજુના વિસ્તારના હરિભક્તો મોટી સંખ્યામાં લાભ લેવા પધાર્યા હતા. ખેલૈયા ભક્તોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવેલ.

પ્રાસંગિક સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ બળદિયા (કચ્છ)ના પ.ભ. નારણભાઈ દ્વારા પ્રકાશીત 'સહજાનંદ સ્વામી ચરિત્ર' પુસ્તકનું વિમોચન કર્યું હતું. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે હરિભક્તોએ દીવડા પ્રગટાવી ઠાકોરજીની સમૂહ આરતી ઉતારી હતી.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં જણાવ્યું કે જગતમાં ઘણા નાચગાન કર્યા, ફેરા ફર્યા તે કંઈ કામ આવતું નથી. મહારાજની સ્મૃતિ સાથે અહીં ઉપાડેલું એક ડગલું પણ ખૂબ પુણ્ય આપે છે. મહારાજને રીઝવવા માટે આ વિશિષ્ટ દિવસ છે. આજના દિવસે પૂ. બાપુજીએ દરેક સત્સંગી હરિભક્ત ખૂબ સુખી થાય એવી શુભ ભાવના-સ્મૃતિ સાથે પોતાની સાથે યાત્રામાં રહેલા ભક્તજનોની સાથે માનસરવોરમાં સ્નાન કર્યું. આમ પોતાના આશ્રિતજનો માટે આપણા પૂ. મહારાજશ્રી ગમે તેવું કષ્ટ વેઠીને પણ તેમના કલ્યાણ માટે ભક્તોને રાજી કરે છે. અહીં મહંત શાસ્ત્રી ઘનશ્યામ સ્વામી અને સંત મંડળે સુંદર આયોજન કરીને પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા. સૌને દૂધપૌંવા પ્રસાદ રૂપે અપાયા હતા.

(ગોરધનભાઈ સીતાપરા)

એપ્રોચ બાપુનગર મંદિરમાં ચાતુર્માસના ઉત્સવો ધામધુમથી ઉજવાયા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી ચાતુર્માસમાં આવતા વિવિધ ઉત્સવો હિંડોળા, શ્રી ગણપતીનો વરઘોડો, જન્માષ્ટમી, શરદોત્સવ અને દિવાળીના અન્નકૂટ આદિ ઉત્સવો ધામધુમથી ઉજવાયા હતા. શ્રી ઘનશ્યામ મહારાજને પૂજારી સ્વામી સુંદર શૃંગાર ધરાવીને દર્શન કરાવતા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પણ સારી સેવા બજાવી હતી. દર શનિવારે યુવક મંડળ દ્વારા સભા થાય છે. અહીં હજારો હરિભક્તો દર્શન અને સભાનો લાભ લઈ સર્વોપરિ શ્રી નરનારાયણદેવની નિષ્ઠાની દૃઢતા કરાવે છે.

(ગોરધનભાઈ સીતાપરા)

શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક ખાતે દર રવિવારે સાંજે ૫ થી ૭ સત્સંગ સભાનું સુંદર આયોજન કરવામાં આવે છે. અને આ સત્સંગ સભામાં આપણા સંતો કથા-વાર્તા ભજન-કીર્તન આદિ કાર્યક્રમ કરે છે. જેમાં હજારો હરિભક્તો લાભ લેવા આવે છે.

તા. ૧૭-૯-૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ૩૫મી સત્સંગ સભા કલિવલેન્ડ (અમેરિકા) ના પ.ભ. પ્રકાશભાઈ બી. પટેલના યજમાન પદે સંપન્ન થઈ. જેમાં સુપ્રસિદ્ધ કલાકાર શ્રીજયેશભાઈ સોનીના મધુર કંઠે કીર્તન ની રમઝટ ચાલી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આ પ્રસંગે સભામાં પધાર્યા હતા. અને સમસ્ત હરિભક્તો અને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા હતા. પ્રસાદનું આયોજન પ.ભ. પ્રકાશભાઈ પટેલ તરફથી કરવામાં આવેલ.

(ભરત કે. મુલાણી

ગવાડા શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજિત સત્સંગ સભા

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી અને પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ગવાડા શ્રી સ્વામિનારાયણ મંદિરને આગામી વર્ષે ૨૫ વર્ષ પૂર્ણ થતા હોવાથી (તા. ૨૦-૧-૦૭ થી ૨૭-૧-

૦૭) તેના ઉપક્રમે સૌ હરિભક્તોને સત્સંગ ભક્તિનું વિશેષ બળ મળે અને શ્રીહરિની મૂર્તિનું સુખ મળે તે નિમિત્તે ૨૫ સત્સંગ સભાઓ કરવાનું આયોજન કરેલ. જેની સૌ પ્રથમ સભા તા. ૧૦-૦૬ના રોજ અમદાવાદના નિર્ણયનગર વિસ્તારમાં શ્રી સ્વામિનારાયણ સ્કુલમાં થઈ હતી. જેના યજમાન પ.ભ. દશરથભાઈ કાનજીભાઈ પટેલ (ગવાડા વાળા) રહ્યા હતા. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને સભાને રૂડા આશીર્વાદ આપી અતિ રાજી થયા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ વાડજે સારો સહયોગ આપેલ. આજ રીતે તા. ૧૫-૧૦-૦૬ના રોજ રવિવારે રાત્રે ૮ થી ૧૨ કુબેરનગર બંગલા એરિયામાં પ.ભ. કાનજીભાઈ રેવાભાઈ તથા પ.ભ. રમેશભાઈ રેવાભાઈ (ગવાડાવળા) ના યજમાન પદે સુંદર સત્સંગ સભા થઈ હતી. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને સમસ્ત સભાને અને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા હતા. જેમાં પૂરવ પટેલે કીર્તન ભક્તિનો લાભ આપેલ. બન્ને સભામાં શા.સ્વામી રામકૃષ્ણદાસજીએ કથા વાર્તાનો અને નાના પી.પી. સ્વામીએ સભા સંચાલનનો લાભ આપેલ.

(સ્વામી જયપ્રકાશદાસજી)

ઘાટલોડિયા નવનિર્મિત મંદિરમાં ઉત્સવોની પરંપરા

ભરતખંડના રાજાધિરાજ સર્વોપરિ શ્રી નરનારાયણદેવની અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અમદાવાદ શહેર ઉપર ખૂબજ કૃપા ઉતરી છે. એક વર્ષે એક હરિ મંદિર અને એક શિખરબધ્ધ મંદિર નિર્માણની જાણે હોડ લાગી છે. જે આપણે નજરે જોઈએ છીએ. ઘાટલોડિયા વિસ્તારમાં હજુ હમણા જમીન સંપાદન કરી પાયા પુરાયાને મંદિર જોત જોતામાં ઉભું થઈ ગયું. હરિભક્તો પણ મહેનત પુરુષાર્થ અને ભજન કરવામાં પાવરફૂલ છે. શરદ પૂર્ણિમાના અહીં હરિભક્તોએ ભવ્ય શરદોત્સવ ઉજવ્યો અને દિવાળીના અન્નકૂટની પણ કેટકેટલીય અવનવી વાનગીઓનો અન્નકૂટ સર્વોપરિ ઈષ્ટદેવને ધરાવવામાં આવેલ. હરિભક્તોની સંખ્યા અત્યારથી જ મંદિરમાં પણ સમાય નહિ તેટલી થતી જાય છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો અતિ રાજીપો ઘાટલોડિયાના ભક્તોને મળ્યો છે. તેનું જ આ પરિણામ છે.

(પ્રવિણભાઈ ટી. પટેલ)

ડાંગરવા (વાંટા-તળપદ)
શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે ડાંગરવાના બન્ને મંદિરોમાં દિવાળીના ઠાકોરજી સમક્ષ સુંદર અવનવી વાનગીનો ભવ્ય અન્નકૂટોત્સવ કરવામાં આવેલ. સવારે ૯ થી ૪ દરમ્યાન ગામના આબાલ વૃદ્ધ ભાઈ-બહેનોએ દર્શન કરી જીવનને ધન્ય બનાવ્યું હતું. ડાંગરવા ગામ ચૂસ્ત શ્રી નરનારાયણદેવ ગાદીને વરેલું છે.

(ડાભી મફાજી સરદારજી)

દંઢાવ્ય પ્રદેશના કરજીસણ મંદિરમાં ચતુર્થ પાટોત્સવ ધામધુમથી ઉજવાયો

દંઢાવ્ય પ્રદેશની પંચતિર્થિનું યાત્રા ધામ ગુજરાતનું સૌથી વિશાળ કરજીસણ હરિ મંદિરનો ચતુર્થ પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં અને સંતો અને દેશ વિદેશના હરિભક્તોની શુભ ઉપસ્થિતિમાં તા. ૧૯-૧૦-૦૬ ધન તેરસના રોજ દબદબા પૂર્વક ધામધુમથી ઉજવાયો હતો. આ પ્રસંગે સંતોએ શ્રી હરિકૃષ્ણ મહારાજની આરતી ઉતારીને દિવ્ય દર્શનનો મહા લાભ આપેલ.

પ્રાસંગિક સભામાં શા. વિશ્વપ્રકાશદાસજીએ સભા સંચાલન સંભાળ્યું હતું. બીલીયા, જમીયતપુરા, નારણઘાટ અને સિધ્ધપુર મંદિરના સંતોએ પ્રેરક પ્રવચન કરીને ગામની અદ્‌ભૂત દિવ્ય લીલા પ્રસંગોને યાદ કરી હતી. છેલ્લે સમસ્ત સભાને આશીર્વાદ આપતા પ.પૂ. મોટા મહારાજશ્રીએ જણાવ્યું કે શ્રી નરનારાયણદેવમાં અડગ નિષ્ઠા રાખનાર મોક્ષ ભાગી બને છે. બાકી બીજે પર પુરૂષને ઘેર નાતરે જનારનું કલ્યાણ બગડે છે. તેમ જણાવી રૂડા આશીર્વાદ આપ્યા હતા. ભગાભાઈ પટેલના સુપુત્રો (યુ.એસ.એ.) શ્રી કૌશિકભાઈ તથા શ્રી યોગેશભાઈએ મુખ્ય યજમાન પદનો લાભ લઈ. પ.પૂ. મહારાજશ્રીનું પૂજન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. યુ.એસ.એ.થી પધારેલા શ્રી પ્રહલાદભાઈ પટેલ, શ્રી પ્રફુલ્લભાઈ પટેલ, શ્રી ભીખાભાઈ પટેલ, શ્રીરાજુભાઈ પટેલ આદિ હરિભક્તો પૂજનમાં જોડાયા હતા. રાજેન્દ્રભાઈ, અરવિંદભાઈ, નલીનભાઈ, હસમુખભાઈ, સુરેશ ભોગીલાલ, કૌશિકભાઈ, દશરથભાઈ, વિષ્ણુભાઈ, લાલભાઈ, રમેશભાઈ વગેરે હરિભક્તો પાટોત્સવના સહ યજમાન રહ્યાં હતા. આમ અત્રે હરિભક્તો ચતુર્થ પાટોત્સવના દર્શન કરી ધન્ય ધન્ય બન્યા હતા.

(પ્રહલાદભાઈ વિ. પટેલ, ન્યુજર્સી)

શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષા અંગે

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી **શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષા તા. ૧૭-૧૨-૨૦૦૬ને રવિવારે જે તે** કેન્દ્રો પરથી લેવામાં આવશે. જેથી દરેક કેન્દ્ર સંચાલકોએ પરીક્ષાર્થીના નામનું લીસ્ટ વહેલામાં વહેલી તકે આપી જવું અને પરીક્ષાના પેપરો સ્પલીમેન્ટરી આદિ સ્ટેશનરી લઈ જવી. તથા નવા કેન્દ્ર ચાલુ કરનારને પરીક્ષાનો પુસ્તકનો સેટ આપવામાં આવશે.

શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણકેન્દ્ર
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર
(સભામંડપ)
સવારે ૮-૦૦ થી ૧૦-૩૦

આપણી કેળવણી સંસ્થાના સમાચાર

ધ.ધુ. આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ
સંચાલિત શ્રી સહજાનંદ સેકેન્ડરી-

હાયર સેકેન્ડરી (ઈંગ્લીશ મીડીયમ)ના આપણા વિદ્યાર્થીઓએ શરદ રમતોત્સવમાં ભાગ લઈ અનોખી સિધ્ધિ હાંસલ કરી છે.

પાલડી-આંબાવાડી વોર્ડ કક્ષા

વોર્ડ ચેમ્પીયનશીપ

(૧) કબડ્ડી સિનીયર ભાઈઓ (૨) કબડ્ડી સિનીયર બહેનો (૩) કબડ્ડી જુનીયર ભાઈઓ (૪) બેસ્ટ એથ્લેટ (ભાઈઓ) સોલંકી હાર્દિક ધો.-૧૨.

જિલ્લા કક્ષાએ રમવા પસંદ થયેલ

ખેલાડીઓ

(૧) પટેલ ધ્રુવીશ બી. ૪૦૦ મીટર દોડ (સિનીયર) (૨) સોલંકી હાર્દિક ૧૦૦ મી. દોડ (સિનીયર) (૩) સોલંકી હાર્દિક લાંબો કૂદકો (સિનીયર) (૪) નાગોરી દેવાંશ ૧૦૦ મી. દોડ અને ૪૦૦ મી. દોડ. (૫) પંચાલ વિવેક ગોળા ફેંક (૬) શાહ શિવમ ઊંચો કૂદકો (૭) વોરા ખુશાલી ગોળા ફેંક.

રાજ્ય કક્ષાએ રમવા જનાર

(૧) નાગોરી દેવાંશ બી. ૪૦૦ મી. દોડ (૨) સોલંકી હાર્દિક ૧૦૦ મી. દોડ

ઉપરોક્ત વિદ્યાર્થીઓની ઉત્તરોત્તર પ્રગતિ માટે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આશીર્વાદ પાઠવે છે.

(પ્રિન્સીપાલશ્રી)

વિદેશ સત્સંગ સમાચાર

શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પૂજ્ય મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ ઉજવાયો

સર્વોપરિશ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી અને મહંત સ્વામી ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી શિકાગોના સમસ્ત હરિભક્તોના સાથ સહકારથી વિજયા દશમીના પવિત્ર દિને આપણા પ્રાણ પ્યારા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૩૫ મો પ્રાકટ્યોત્સવ ખૂબજ ધામધુમથી ઉજવાયો હતો. મંદિરમાં બિરાજમાન શ્રીહરિકૃષ્ણ મહારાજ ને આજે આચાર્ય સ્વરૂપના શણગાર ધરાવવામાં આવેલ. જે અદ્‌ભૂત દર્શનથી હરિભક્તો આનંદમાં ગરકાવ થઈ ગયા હતા. સંતોએ નંદસંતો રચિત ધર્મવંશી આચાર્યશ્રીનું સુંદર મહિમા માહાત્મ્ય વિસ્તાર પૂર્વક કહ્યું હતું. ઉત્સવ મંડળના સભ્યો રાજુભાઈ, પ્રવિણ ભગત, નરેશભાઈ, ઠાકોરભાઈ, વિષ્ણુભાઈ, રમેશ બ્રહ્મભટ્ટ અને જગદીશભાઈ (પ્રમુખ) વગેરે હરિભક્તોએ પણ સમૂહમાં ઉત્સવ કરેલ. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું સૌ સંત-હરિભક્તોએ પૂજન અર્ચન કરી દર્શનનો દિવ્ય લાભ લઈ કૃતાર્થ થયા હતા. સંતો સાથે યુવાહરિભક્તો અને બાળકોએ કેક કાપી પૂ. આચાર્ય મહારાજશ્રીની જય બોલાવી આનંદ વ્યક્ત કર્યો હતો.

શ્રી વિષ્ણુભાઈ, ઘનશ્યામ ભગત, કલમેશભાઈ, ઘનશ્યામ કવિ અને સત્સંગ મહિલા મંડળની સેવા નોંધપાત્ર હતી. હજારો હરિભક્તોએ આ પ્રસંગના દર્શન કરી દિવ્યતા અનુભવી હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી અત્રે સત્સંગ પ્રવૃત્તિ સુંદર ચાલે છે.

અત્રે મંદિરમાં જલઝીલણીનો ઉત્સવ શરદોત્સવ વગેરે સંત-હરિભક્તોએ ખૂબજ ધામધુમથી ઉજવ્યા હતા.

(ઈશાન ત્રિવેદી-વિષ્ણુભાઈ)

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ્રથમ પાટોત્સવ ઉજવાયો

અમેરિકાના કોલોનીયા ન્યુજર્સી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત સ્વામી દેવપ્રસાદદાસજીની પ્રેરણાથી પ્રથમ પાટોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સત્સંગિ જીવન કથા પારાયણ યોજવામાં આવી હતી. પોથી યાત્રામાં અનેક હરિભક્તો જોડાયા હતા. તેજ રીતે કથાવાર્તામાં પણ હરિભક્તો મોટી સંખ્યામાં લાભ લેવા ઉપસ્થિત હતા. પાટોત્સવ અભિષેકમાં પ.ભ. નિમેષભાઈ પટેલ પરિવારે લાભ લીધો હતો. મહાપૂજાનું આયોજન કૌશિકભાઈ ભાવસાર પરિવાર તરફથી થયુ હતું. મહાપૂજામાં ૧૩૦ જેટલા હરિભક્તોએ લાભ લીધો હતો. મહાપૂજાની વિધિ શ્રી જગદીશભાઈ શુકલે કરાવી હતી. શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત-મંડળ સાથે કોલોનીયા મંદિરમાં પધાર્યા ત્યારે સ.ગુ. મહંત સ્વામી દેવપ્રસાદદાસજી અને સંત-હરિભક્તોએ ઉમળકા ભર્યું ભવ્ય સ્વાગત સામૈયું કર્યું હતું.

ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે ધામધુમથી વેદવિધિસર પાટોત્સવ-અભિષેક સંપન્ન થયો હતો. આ પ્રસંગે આપણા **I.S.S.O.** ના ન્યુજર્સી, શિકાગો, બોસ્ટન, હ્યુસ્ટન, એલ.એ. અને અમદાવાદથી પી.પી. સ્વામી (જેતલપુર) આદિ સંતો પધાર્યા હતા.

બહેનોને દર્શન-આશીર્વાદ આપવા માટે પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અને પૂ. બિન્દુરાજાએ પધારીને બહેનોને અલૌકિક સુખ આપ્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે ભાઈઓએ અને પ.પૂ. ગાદીવાળાશ્રી અને પૂજ્ય બિન્દુરાજા સાથે બહેનોએ સમૂહ આરતીનો દિવ્ય લાભ લીધો હતો.

પ્રાસંગિક સભામાં સંતોના પ્રેરક પ્રવચન બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે "ભગવાન વિના કશું જ શક્ય

નથી. ભગવાનની ઈચ્છા મુજબ જ જગત ચાલે છે. અને ભવિષ્યમાં ચાલશે તે વિષે જુદાં જુદાં દૃષ્ટાંતો આપીને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સેવા સંસ્થા દ્વારા ફ્રી મેડીકલ કેમ્પમાં અનેક ભક્તોએ લાભ લઈ દવા-વગેરે લીધી હતી. જ્યાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી જે પધારીને સેવાની મેડીકલ પ્રવૃત્તિને નિહાળીને સેવાભાવી ડૉકટરોની ટીમને ધન્યવાદ સહ આશીર્વાદ આપ્યા હતા. ડૉ. જિગ્નેશ શાહ અને તેમની ટીમે સુંદર વ્યવસ્થા કરી હતી.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ ઉજવાયો

આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૩૫ મો પ્રાકટ્યોત્સવ વિજયા દશમીના દિવસે સંત-હરિભક્તોએ ધામધુમથી ઉજવ્યો હતો. આ પ્રસંગે ગુજરાતના લોક કલાકાર શ્રી ભીખુદાન ગઢવી અને તેમના સહ કલાકારનો સાંસ્કૃતિક પોગ્રામ સુંદર રીતે રજુ કરવામાં આવેલ. સભામાં સ.ગુ. મહંત સ્વામી દેવપ્રસાદદાસજી અને હરિભક્તોએ સાથે મળી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન-અર્ચન કરી સભામાં પૂ. આચાર્ય મહારાજશ્રીનું મહિમા માહાત્મ્ય સુંદર રીતે વિસ્તાર પૂર્વક વર્ણવ્યુ હતું. મહંત સ્વામી અને કમિટીના સભ્યોએ મહેમાનોનું અને યજમાનોનું હારતોરા કરી સન્માન કર્યું હતું. શરદોત્સવ પણ ધામધુમથી ઉજવાયો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ પ્રવૃત્તિ સુંદર ચાલે છે.

(પ્રવિણભાઈ શાહ)

શ્રી સ્વામિનારાયણ મંદિર એલ.એ. (U.S.A.)

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી લોસએંજલસ સ્વામિનારાયણ મંદિરમાં સુંદર ઉત્સવ સમૈયા થાય છે. આસો વદ ચૌદશ (કાળીચૌદશ)ના દિવસે સાંજે શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે હનુમાનજીનું પૂજન કરવા હરિભક્તો મંદિરમાં આવ્યા હતા. મહંત શા. સ્વામી કેશવચરણદાસજીએ હનુમાનજીનો મહિમા અને શા. સ્વામી ઘનશ્યામદાસજીએ હનુમાનજીનું પૂજન કરાવ્યું. મુક્તાનંદ સ્વામી રચિત હનુમાનજીના ૧૦૮ નામોથી પૂજા થઈ. પૂજા બાદ આરતી થઈ. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લીધો.

આસો વદ અમાસ (દિવાળી)ના દિવસે સંતોએ શારદાપૂજન (ચોપડા પૂજન) કરાવ્યું હતું. મંદિર દિપમાળાથી શોભી ઉઠ્યું હતું.

કારતક સુદ એકમ રવિવાર (બેસતુંવર્ષ)ના દિવસે પ્રાતઃકાળ શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણ દેવની મંગળા આરતી થઈ. ઘણા હરિભક્તોએ દર્શનનો લાભ લીધો. સવારના ૮-૦૦ કલાકે શણગાર આરતી થઈ. ભગવાન આગળ સુંદર વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો. બપોરે ૧૨-૦૦ વાગે અન્નકૂટ દર્શનની આરતી થઈ. ૧૨-૦૦ વાગ્યાથી ૫-૩૦ વાગ્યા સુધી અન્નકૂટ દર્શનનો લાભ હરિભક્તોએ લીધો. સંતોએ અન્નકૂટ ઉત્સવના મહિમાની કથા કરી. ઘનશ્યામ સ્વામીએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના નવા વર્ષના આશીર્વાદ પત્ર સભામાં વાંચી સંભળાવ્યો. મહંત શા. સ્વામી કેશવચરણદાસજીએ નવા વર્ષે હરિભક્તોને ખૂબ ભજન ભક્તિ સત્સંગ કરવાનું કહ્યું. પ.પૂ. માતુશ્રીની સ્મૃતિમાં સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવામાં આવી હતી. છેલ્લે સૌને પ્રસાદ અને કેલેન્ડર આપવામાં આવ્યાં.

(નટુભાઈ પટેલ)

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

આસો સુદ-૧ પ.ભ. પુરૂષોત્તમદાસ શિવરામદાસ પાલડીયા, ઊંઝા. **આસો સુદ-૨** પ.ભ. કાળીદાસ મણીલાલ, વિરમગામ. **આસો સુદ-૪** પ.ભ. પટેલ ભગવાનદાસ ગોકળદાસ, વિસતપુરા-કડી. પ.ભ. અશ્વિનભાઈ હ. વર્ષાબેન પાઠક. **આસો સુદ-૭** પ.ભ. પૂજા ભાવિનભાઈ પાઠક હ. વર્ષાબેન. **આસો સુદ-૯** પ.ભ. હંસાબેન તુલશીભાઈ ધાનાજી. **આસો સુદ-૧૨** અ.નિ. મૂળચંદભાઈ કેશવલાલ પ.ભ. અ.નિ. માણેકલાલ કેશવલાલ હા. તારાબા. **આસો સુદ-૧૩** પ.ભ. ભીખાભાઈ માધવલાલ, કરજીસણ. પ.ભ. મનીષભાઈ જયંતિલાલ પટેલ, રાણીપ.

આસો વદ-૩ અ.નિ. સદ્‌ગુરુ મહંત સ્વામી ભક્તિપ્રિયદાસજીની ત્રયોદશા નિમિત્તે હ. મહંત સ્વામી શ્રીરંગદાસજી, સિધ્ધપુર. **આસો વદ-૬** પ.ભ. ઉમંગભાઈ પટેલ, જેતલપુર. **આસો વદ-૯ પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તરફથી માનસરોવરની યાત્રા નિમિત્તે. આસો વદ-૧૦** પ.ભ. પ્રહલાદભાઈ વિઠ્ઠલદાસ પટેલ (યુ.એસ.એ.) કરજીસણ. **આસો વદ-૧૨** પ.ભ. પટેલ સોમાભાઈ ભોગીલાલ, પલાસણા. **આસો વદ-૧૩** પ.ભ. હંસાબેન તુલસીભાઈ ધાનાણી, યુ.એસ.એ. **આસો વદ-૧૪** પ.ભ. હંસાબેન તુલસીભાઈ ધાનાણી, યુ.એસ.એ. **આસો વદ-૩૦** પ.ભ. મથુરદાસ પુજલદાસ, કમુબેન મથુરદાસ ડાંગરવા.

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૧૧૧૧-૦૦	શ્રી કાંતિભાઈ હાથીભાઈ (પંડિત) ચૌધરી પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી સર્વોપરિ શ્રી નરનારાયણદેવની ૩૦૦ પૂનમના સળંગ દર્શન કરીને કૃતાર્થ થયા તે નિમિત્તે	બાપુપુરાગામ
૧૦૧-૦૦	શ્રી વિદ્યાબેન રજનીકાંત પટેલ શ્રીહરિકૃપાથી ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	મુંબઈ-મલાડ
૧૦૧-૦૦	શ્રી જયાબેન રમેશભાઈ પટેલ શ્રીહરિકૃપાથી ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	મુંબઈ-મલાડ
૧૦૧-૦૦	શ્રી જેરાજભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણ શ્રીજી પ્રસન્નાર્થે	રાજકોટ
૧૦૧-૦૦	શ્રી આત્મારામ મગનલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઘાટલોડીયા
૧૦૧-૦૦	શ્રી વાડીલાલ મનજીભાઈ પટેલ નવી મોટર સાયકલ ખરીદી તે નિમિત્તે	ગોઠીબ
૧૦૧-૦૦	શ્રી કુશાન નરેન્દ્રલાલ પટેલ જન્મદિન નિમિત્તે	અમેરિકા
૧૦૧-૦૦	શ્રી પ્રદિપભાઈ મહેન્દ્રલાલ પટેલ અમેરિકા ગયા તે નિમિત્તે	મોખાસણ
૧૦૧-૦૦	શ્રી પ્રિયંકભાઈ મહેન્દ્રલાલ પટેલ બાઈક લાવ્યા તે નિમિત્તે	મોખાસણ
૧૦૧-૦૦	શ્રી દિનેશભાઈ બેચરદાસ પટેલ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	મોખાસણ
૧૦૧-૦૦	શ્રી નરેન્દ્રભાઈ વિનોદભાઈ ઠક્કર ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	બોપલ
૫૦૧-૦૦	અ.નિ. બિપીનભાઈ નારણભાઈ પટેલ બીજી પુણ્યતિથિ નિમિત્તે	ઉનાવા
૧૦૧-૦૦	શ્રી ફાલ્ગુની ધર્મેશકુમાર ભાવસાર ટી.વી.એસ. લાવ્યા તે નિમિત્તે	ચાંદલોડીયા
૧૦૧-૦૦	શ્રી નરેશભાઈ બાબુલાલ ઠક્કર પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦	શ્રી નરેશભાઈ બાબુલાલ ઠક્કર સહ કુટુંબ વિદેશ યાત્રા નિમિત્તે	અમદાવાદ
૨૦૦-૦૦	શ્રી તારાબેન ઘનશ્યામસિંહ વાઘેલા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે	ગોધાવી
૨૦૦-૦૦	શ્રી જસવંતસિંહ દોલતસિંહ વાઘેલા અને જીજીબા જસવંતસિંહ વાઘેલાના સ્મરણાર્થે હા. તારાબેન ઘનશ્યામસિંહ	ગોધાવી
૧૦૧-૦૦	શ્રી બટુકભાઈ માવજીભાઈ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે	બાવળા
૧૦૧-૦૦	શ્રી તારાબેન ચંદુલાલ ભાવસારના સ્મરણાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી કાશીબા શાંતિભાઈ પરમારના સ્મરણાર્થે હા. ખોડુભાઈ પરમાર	બળોલ-ભાલ
૧૦૧-૦૦	ચાવડા નિતીનભાઈ નરસંગભાઈ તેમના પુત્રના જન્મ દિન નિમિત્તે	બળોલ-ભાલ
૧૦૧-૦૦	શ્રી રમેશચંદ્ર કાંતિલાલ ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે	મેઉ
૧૦૦-૦૦	જાદવ દિગ્વિજયસિંહ કરશનભાઈ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે	વેજળકા
૧૦૧-૦૦	શ્રી રમેશભાઈ બાબુલાલ પટેલ પૌત્રના જન્મ પ્રસંગે	ચાણસ્મા
૧૦૧-૦૦	પરમાર ગીતાબેન પંકજકુમાર ચિ. શ્લોકના જન્મ દિન નિમિત્તે	મણીનગર
૧૦૧-૦૦	શ્રી દિનેશભાઈ મંગળદાસ મોતીરામ નવી મારૂતિ લાવ્યા તે નિમિત્તે	સોજાવાળા
૧૫૧-૦૦	પટેલ સુરેશકુમાર વિઠ્ઠલભાઈ ચિ. જયમીનને એન્જી.માં પ્રવેશ નિમિત્તે	ઉનાવા
૧૦૧-૦૦	શ્રીહરિકૃષ્ણ ખીમજીભાઈ ઠાકરશીભાઈ પટેલ નવું કારખાનું ચાલું કર્યું તે નિમિત્તે	મોરબી
૧૦૧-૦૦	શ્રી કલ્પેશકુમાર સુરેશભાઈ ઠક્કર નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	ડીસા
૨૦૧-૦૦	શ્રી દિનેશભાઈ મહેશભાઈ ચોટલીયા નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	(બાલંભાવાળા) સુરત
૧૦૧-૦૦	શ્રી સંજયકુમાર અમૃતભાઈ ચોટલીયા નવું બાઈક લીધું તે નિમિત્તે	(બળોલ-ભાલવાળા) સુરત
૧૦૧-૦૦	ચૌહાણ મગનભાઈ પુરૂષોત્તમ ચિ. ઘનશ્યામને બી.ઈ. કોમ્પ્યુટરમાં એડમીશન મળ્યું તે નિમિત્તે	નવસારી
૧૦૧-૦૦	શ્રી બાબુભાઈ જીણાભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ
૧૦૧-૦૦	શ્રી અશોકભાઈ કાંતિલાલ પટેલ બેબીને કોમ્પ્યુટર એન્જી.માં એડમીશન મળ્યું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી ગીતાબેન પ્રવિણભાઈ સોની ચિ.પૌત્ર પલ અને આયુષ તરફથી શ્રીજી પ્રસન્નાર્થે	
૧૦૧-૦૦	શ્રી જાગૃતિબેન જીતેન્દ્રભાઈ પટેલ જન્મદિન પ્રસંગે	મુંબઈ
૧૦૧-૦૦	શ્રી ગીતાબેન ઈશ્વરભાઈ પટેલ નવું મકાન લીધું તે નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	મોદી મોનલબેન વિપુલકુમાર શિક્ષિકાની નોકરી મળી તે નિમિત્તે	નરોડા
૧૦૧-૦૦	પટેલ રંજનબેન લાલાભાઈ શ્રી નરનારાયણદેવ કૃપાથી સ્વાસ્થ્ય સારું થયું તે નિમિત્તે	કોલાદ
૧૦૧-૦૦	પટેલ ગૌરાલ કિરીટકુમાર જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી પટેલ ગોરલ કિરીટકુમાર જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૨૦૦-૦૦	શ્રી પ્રવિણભાઈ ટી. પટેલ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ નિમિત્તે (શ્રધ્ધા કેસેટ કું.)	અમદાવાદ
૧૦૦-૦૦	કામીનીબેન દિનેશચંદ્ર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	રનેલા
૨૦૧-૦૦	પટેલ ડિમ્પલ કનુભાઈ તથા દિપાલી ડિમ્પલ પટેલ યુ.એસ.એ.માં સીટીઝન થયા તે નિમિત્તે	
૧૦૧-૦૦	પટેલ અંકિતાબેન મનુભાઈ ઓસ્ટ્રેલીયામાં પી.આર. થયા તે નિમિત્તે	
૧૦૧-૦૦	શ્રી જયંતીલાલ નટવરલાલ પટેલ દિમીબેન તથા સંજયકુમાર કેનેડા ગયા તે નિમિત્તે	ઉવારસદ

૧૦૧-૦૦	શ્રી રમેશભાઈ મોહનભાઈ ચોટલીયા કોમ્પ્યૂટર લીધું તે નિમિત્તે	ધૂળકોટ
૧૦૧-૦૦	શ્રી ધર્મિષ્ઠાબેન મનસુખભાઈ ચૌહાણ તેમના દાદા-દાદીએ સંકલ્પ પૂર્ણ કર્યો તે નિમિત્તે	નવસારી (બારડોલીવાળા)
૧૦૦-૦૦	ડૉ. નિતીનકુમાર બાબુલાલ ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે	કુકડીયા
૧૦૧-૦૦	પટેલ મણીબેન નારણભાઈ નવી સ્કુટી લાવ્યા તે નિમિત્તે	ગોઠીબ
૧૦૧-૦૦	પટેલ ચારૂલતા બ્રિજેશકુમાર નવી સ્કુટી લાવ્યા તે નિમિત્તે	ગોઠીબ
૧૦૧-૦૦	તીર્થકુમાર મયુરભાઈ પટેલ જન્મ દિન નિમિત્તે	કુહા
૧૦૧-૦૦	મેવાડા અંકિતા કનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૦-૦૦	ડૉ. નાગેશભાઈના ચિ. પુત્રી મેઘના બેનના જન્મ દિવસ પ્રસંગે	
૧૦૧-૦૦	ટાંક અશોકભાઈ દામજીભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	ધૂળકોટ (પૂના)
૧૦૧-૦૦	પટેલ રમેશચંદ્ર મનસુખભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	રનેલા
૧૦૧-૦૦	પટેલ પરેશભાઈ શ્રીહરિએ સંકલ્પ સિધ્ધ કર્યો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	કાછીયાણી પરેશભાઈ નરસીભાઈ જન્મદિન નિમિત્તે	જાઈવા
૧૧૧-૦૦	પરમાર દાજીભાઈ કેસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	બળોલ-ભાલ
૧૦૧-૦૦	રમેશભાઈ મોહનભાઈ પટેલ પરિવાર શ્રીજી પ્રસન્નાર્થે	ખેડા
૧૦૧-૦૦	કીર્તિ બ્રિજેશ ભાવસાર જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	યાશિની એ.પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ચંદુભાઈ સવજીભાઈ ચૌહાણ શ્રીજી પ્રસન્નાર્થે	સુરત-ધૂળકોટ
૬૦૩-૦૦	પટેલ ભરતભાઈ ગોપાળભાઈ નયનાબેન ભરતભાઈ પટેલ અને ગોપાળભાઈ વેણાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મોયદ (સા.કાં.)
૧૦૦-૦૦	પ્રિયા કમલેશકુમાર પટેલ ફર્સ્ટ બી.ડી.એસ.માં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે	ડિંગુચાવાળા
૧૦૧-૦૦	શ્રી રતીભાઈ પ્રહલાદભાઈ પટેલ ચિ. સેજલના પુત્રના જન્મ નિમિત્તે	મોટેરા
૩૦૧-૦૦	શ્રી ભરતભાઈ પ્રહલાદભાઈ પટેલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	મોટેરા
૧૦૦-૦૦	ગાંગાણી મનીષભાઈ ડાહ્યાભાઈ તેમને ત્યાં પુત્રીના જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી વિષ્ણુભાઈ શાંતિભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી સુરેશભાઈ ડાહ્યાભાઈ દરજી જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી નરેન્દ્રકુમાર કનુભાઈ પટેલ ચિ. હેતના જન્મ દિન નિમિત્તે	કનીપુર
૧૦૧-૦૦	જેનિલ દિલીપભાઈ (ડૉકટર) જન્મ દિન નિમિત્તે	ડાંગરવા ડાભી
૧૦૧-૦૦	મોદી જૈમિન નવનીતભાઈ ચિ. સિમીતના જન્મ પ્રસંગે	અમદાવાદ
૨૦૧-૦૦	શ્રી હંસા ભગવાનજીભાઈ સાપરીયા સગાઈ નિમિત્તે	ધૂળકોટ

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ : કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના વયોવૃદ્ધ તપસ્વી સંત સ.ગુ. સ્વામી શ્રી કૃષ્ણજીવનદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસજી (અમદાવાદ, જેતલપુર, છપૈયા, માણસા અને ધોળકાના માજી મહંતશ્રી) તા. ૧૯-૧૦-૨૦૦૬ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા કરતા અક્ષરનિવાસી થયા છે. જેમના અક્ષરવાસથી સંપ્રદાયમાં એક મોટા સંતની ખોટ પડી છે.

ભુજ (કચ્છ) : શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. સ્વામી શ્રીહરિસ્વરૂપદાસજી તા. ૩૦-૧૦-૨૦૦૬ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે, જેમના અક્ષરવાસથી કચ્છ દેશ અને સમગ્ર સંપ્રદાયને એક મોટા સંતની ખોટ પડી છે. થોડા સમય પહેલા સ્વામીશ્રીની નાદુરસ્ત તબીયતના સમાચાર આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને મળતા તેઓશ્રી સંત-મંડળ સાથે સ્વામીની ખબર અંતર લેવા અને દર્શન આપવા ભુજ મંદિર પધાર્યા હતા.

સિધ્ધપુર : શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. સ્વામી ભક્તિપ્રિયદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિનારાયણદાસજી શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. જેમના અક્ષરવાસથી સત્સંગમાં મોટી ખોટ પડી છે.

ખારવા (મૂળીદેશ) : પ.ભ. મરધાબેન ભીમાભાઈ પટેલ તા. ૧૭-૧૦-૨૦૦૬.

બળોલ-ભાલ (મૂળીદેશ) : રૈયા ખટાણા પરિવારના પ.ભ. ખટાણા ડાહ્યાભાઈ અરજણભાઈ તા. ૧૭-૯-૨૦૦૬.

નવાવાડજ : પ.ભ. રમાબેન બાબુભાઈ પટેલ (બાન્ટાઈ) તા. ૧૦-૯-૨૦૦૬.

નવાવાડજ : પ.ભ. ભીખાભાઈ બળદેવભાઈ ગજજર તા. ૧૫-૯-૨૦૦૬

બાવળા : પ.ભ. પ્રેમચંદભાઈ જીવણલાલ ઠક્કર તા. ૧૯-૯-૨૦૦૬


કમળાપુરા (ખાખરીયા) : પ.ભ. મગનભાઈ પટેલ તા. ૨૦-૯-૨૦૦૬.

જીવરાજપાર્ક-અમદાવાદ : પ.ભ. જયંતીલાલ ચુનીલાલ ઠક્કર તા. ૬-૧૦-૨૦૦૬.

ખંડેરાવપુરા (કડી) : પ.ભ. પ્રાણશંકર આત્મારામ પાઠક તા. ૧૨-૧૦-૨૦૦૬.

સર્વાવતારી શ્રીજી મહારાજ અક્ષરનિવાસી હરિભક્તોને પોતાની નિજ સેવામાં રાખે અને તેમના પરિવારને દુઃખ સહન કરવાનું બળ આપે તેવી સર્વોપરિ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના છે.

શ્રી સ્વામિનારાયણ




પ.પૂ. માતુશ્રીના અક્ષરવાસના સમાચાર મળતા ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈમોદી, ગુજરાત ભાજપના નવા વરાયેલા પ્રમુખશ્રી પુરૂષોત્તમ રૂપાલા અને મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ ચૂડાસમા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન કરી ખબર અંતર પૂછી રહ્યા છે.



શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે તા. ૧-૧૧-૨૦૦૬ના રોજ પ.પૂ. માતુશ્રીની સ્મરણાજંલિ સભા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં સંપન્ન થઈ. જેમાં બન્ને દેશના સંતો-હરિભક્તો મોટી સંખ્યામાં સ્મરણાજંલિ સભામાં ઉપસ્થિત રહ્યા હતા.

Registered under RNI - NO - applied Follwed by words " Permetted to post at And PSO on 11th every month
under postal Regd.No. GAMC 003 issued SSP And Valid up to 31-12-08





Praful Kharsani

પવિત્રકૈલાસ માનસરોવરના કુદરતી નયન રમ્ય મનમોહક સૌંદર્યની તસવીર

પવિત્રકૈલાસ માનસરોવરમાં સ્નાન વિધિ બાદ સંત-હરિભક્તો સાથે દર્શન આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી